આજનો સુવિચાર

પુસ્તકો વગરનું ઘર, બારી વગરના મકાન જેવું છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૫ જૂનાગઢ તા.૧૭-૦૯-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 235, Junagadh : Date : 17 September, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay




## આતિશી દિલ્હીનાં નવા મુખ્યમંત્રી : કેજરીવાલ સાંજે રાજીનામુ આપશે

નવી દિલ્હી તા.૧૭

રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીનાં રાજકારણમાં ફરી એકવાર હલચલ મચી ગઈ છે. આજે સાંજે અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રીપદેથી રાજીનામુ આપશે અને તેમના ઉત્તરાધીકારી તરીકે આતિશી સિંઘ નવા મુખ્યમંત્રી બનશે. હાલમાં આતીશી કેજરીવાલ સરકારમાં શિક્ષણમંત્રીનાં પદ પર છે. દિલ્હીની કાલકાજી વિધાનસભા બેઠક પરથી ચુંટાયેલા આતિશી અરવિંદ કેજરીવાલનાં વિશ્વાસુ મનાય છે. આજે સવારે આમ આદમી પાર્ટી વિધાનસભા પક્ષની બેઠક મળી હતી જેમાં આતીશીનાં નામની વરણી કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીનાં પ્રવકતા ગોપાલ રાયે આ અંગે મીડીયા સમક્ષ જાહેરાત કરતા કહયું કે, આતિશી દિલ્હીનાં નવા મુખ્યમંત્રી બનશે અને દિલ્હી વિધાનસભાની આગામી ચૂંટણી સુધી તેઓ આ પદ પર રહેશે.

ગોપાલરાયે વધુમાં એવો પણ આક્ષેપ કર્યો કે આમ આદમી પાર્ટીને ખતમ કરવાની કોશીષ કરવામાં આવી પરંતુ દિલ્હી સરકારને તોડવાનું અભિયાન નીષ્ફળ ગયું છે. આતિશીને વિષમ પરિસ્થિતિઓમાં જવાબદારી સોંપવામાં આવી છે.

અરવિંદ કેજરીવાલનો જેલમાંથી સરકાર ચલાવવી પડી હતી. અમે જનતાની અદાલતમાં જઈશું અને જનતાનો નિર્ણય માંગીશું. ગોપાલરાયે વધુમાં કહયું કે, અમે ઈચ્છીએ છીએ કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણી જલ્દી યોજવામાં આવે, અમે જનતાની અદાલતમાં ન્યાય માટે જઈશુ તેમ ગોપાલરાયે જણાવ્યું હતું. દરમ્યાનમાં આગામી તા. ૨૬ અને ૨૭ સપ્ટેમ્બરે બે દિવસનું દિલ્હી વિધાનસભા સત્ર બોલાવવામાં આવ્યું છે. ગત તા. ૧૩ સપ્ટેમ્બરે લિકર પોલિસી કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ કેજરીવાલે ૧૫ સપ્ટેમ્બરે મુખ્યમંત્રી પદ છોડવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'હવે જનતાએ નક્કી કરવું જોઈએ કે હું ઈમાનદાર છું કે બેઈમાન. જો જનતા એ ડાઘ ધોઈ નાખશે અને વિધાનસભાની ચૂંટણી જીતશે તો હું ફરીથી ખુરશી પર બેસીશ.

## કડક કાયદાથી સમાજ બદલાતો નથી, માનસિકતા પણ બદલવી જોઈએ : ચીફ જસ્ટીસ

નવી દિલ્હી, તા.૧૭: સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ ડીવાય ચંદ્રચૂડે કહ્યું કે કઠોર કાયદા સહિત સારા કાયદા, એક એવો સમાજ ન બનાવી શકે, જ્યાં ફક્ત ન્યાય હોય. પણ તેના માટે માનસિકતાને બદલવી જરૂરી છે. તેમણે કહ્યું કે, સૌથી મહત્વનું, આપણે આપણી માનસિકતા બદલવાની જરુર છે. માનસિકતાને મહિલાઓ માટે છૂટ આપવાથી હટીને સ્વતંત્રતા અને સમાનતાના આધાર પર જીવન જીવવાના તેમના અધિકારને ઓળખવા તરફ આગળ વધવું જોઈએ. જેમ કે મહિલાઓ હાલમાં જ અવાજ ઉઠાવતી રહી છે કે અમને વર્કપ્લેસ પર છૂટ નથી જોઈતી, અમે ફક્ત સમાન તકનો અધિકાર જોઈએ છે. વર્કફોર્સના દરેક શખ્સની માફક અમે સેફ વર્કપ્લેસના હકદાર છીએ. ચીફ જસ્ટીસ ચંદ્રચૂડે કહ્યું કે, સુરક્ષા, અવસરની સમાનતા, ગરિમા અને સશકિતકરણના મુદ્દા આવી વાત નથી, જેના પર અલગ અલગ ચર્ચા થવી જોઈએ. દેશમાં આપણામાંથી સૌ કોઈ આ વાતચીતનો ભાગ બનવું પડશે. મહિલાઓના અધિકાર વિશે વાત કરવી ફક્ત મહિલાઓની વાત નથી, આ આપણા બધા માટે છે કે આપણે આ પ્રકારની ગંભીર વાતચીતમાં જોડાઈએ. મહિલાઓ આ લિસ્ટમાં જે દ્રષ્ટિકોણ લાવે છે, વાસ્તવમાં તે મહત્વનું છે.

### ક્રુડ તેલનો ભાવ ૭૫ ડોલરથી નીચે આવી જતા
## પેટ્રોલ - ડીઝલનાં ભાવ ઘટવાની શકયતા

નવી દિલ્હી.તા.૧૭

ક્રૂડ ઓઈલના ભાવ માર્ચ ૨૦૨૪ થી ૨૦ ટકા ઘટીને બેરલ દીઠ ૭૫ ડોલરની નીચે આવી ગયાં છે. જેનાં કારણે ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના વધી છે. લોકસભા ચૂંટણી પહેલાં ઈંધણના ભાવમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. એપ્રિલથી વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ૧૯ ટકાનો જંગી ઘટાડો નોંધાયો છે. હવે તે ૭૨.૪૮ ડોલર પ્રતિ બેરલ પર છે. ઓગસ્ટ ૨૦૨૧માં, આ કિંમત તેનાં સૌથી નીચા સ્તરે હતી એટલે કે પ્રતિ બેરલ ૬૯.૮ ડોલર પર હતી. માર્ચ ૨૦૨૨ માં ૨૦૧૪ પછી પ્રથમ વખત બેરલ દીઠ કિંમતો ૧૦૦ ડોલરને વટાવી ગઈ હતી અને જૂન ૨૦૨૨ માં બેરલ દીઠ ૧૧૬ ડોલરની સપાટીએ પહોંચી હતી, પરંતુ વર્ષ ૨૦૨૩ ના અંત સુધીમાં ભાવ ઘટીને ૮૦ ડોલર પ્રતિ બેરલ થઈ ગયાં હતાં.

ગત વર્ષમાં સપ્ટેમ્બરમાં ભાવ બેરલ દીઠ ૯૦ ડોલરને પાર કરી ગયાં હતાં.

## ન્યુયોર્ક સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડ વડાપ્રધાન વિરૂધ્ધ અપશબ્દો પણ લખાયા

ન્યુયોર્ક, તા.૧૭: અમેરિકાના ન્યુયોર્ક સ્થિત BAPS સ્વામી નારાયણ મંદિરમાં તોડફોડનો એક સનસનાટીભર્યો કિસ્સો બહાર આવ્યો છે. એટલું જ નહીં મંદિરમાં પીએમ મોદી વિરુદ્ધ અપશબ્દો પણ લખવામાં આવ્યા હતા. અજાણ્યા હુમલાખોરોએ આ ઘટનાને અંજામ આપી હતી. ન્યૂયોર્કમાં ભારતીય વાણિજય દૂતાવાસે મંદિરની તોડફોડની સખત નિંદા કરી અને કહ્યું કે તે એક જઘન્ય અપરાધ છે.

આ ઘટનામાં સંડોવાયેલા ગુનેગારો સામે વહેલી તકે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. BAPS સ્વામી નારાયણ સંસ્થાએ મેલવિલે, ન્યૂ યોર્કમાં BAPSસ્વામી નારાયણ મંદિરને નફરતભર્યા સંદેશાઓ સાથે અપમાનિત કરવાની પણ નિંદા કરી છે. એવો દાવો કરવામાં આવ્યો હતો કે ઉત્તર અમેરિકાના વિવિધ હિંદુ મંદિરોમાં પણ આવી જ ઘટનાઓ બની છે.

ન્યૂયોર્કમાં ભારતીય દૂતાવાસ તરફથી ટ્વિટર પર એક પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે, ન્યૂયોર્કના મેલવિલેમાં BAPS સ્વામિનારાયણ મંદિરમાં તોડફોડ અસ્વીકાર્ય છે.

દૂતાવાસ સમુદાયના સંપર્કમાં છે અને આ ઘૃણાસ્પદ ઘટનાના ગુનેગારો સામે તાત્કાલિક પગલાં લેવા માટે યુએસ કાયદા અમલીકરણ અધિકારીઓ સાથે આ મામલો ઉઠાવ્યો છે.

## કેરળમાં નિપાહ વાયરસનો પ્રકોપ : એકનું મોત : સરકાર એકશન મોડમાં આવી

મલપ્પુરમ (કેરળ),તા.૧૭

કેરળમાં હાલમાં જ નિપાહ વાયરસથી ૨૪ વર્ષિય યુવકનું મોત થતા સરકાર એકશન મોડમાં આવી ગઈ છે. કેરલ સરકારે મલપ્પુરમમાં અનેક કન્ટેન્ટમેન્ટ ઝોન બનાવ્યા છે અને તેમાં પ્રતિબંધ લગાવી દીધા છે. મલપ્પુરમ જીલ્લાની બે પંચાયતોનાં પાંચ વોર્ડને કન્ટેન્મેન્ટ વિસ્તાર જાહેર કરવામાં આવ્યા છે અને મોટી સંખ્યામાં લોકોને એકત્ર નહી થવાની સલાહ આપવામાં આવી છે.

નિપાહ વાયરસનાં ઝડપથી ફેલાવાને કારણે જીલ્લા અધિકારીઓએ કન્ટેન્મેન્ટ ઝોનમાં દુકાનો સાંજે ૭ વાગ્યા સુધીમાં બંધ કરવાનું કહ્યું છે. કન્ટેન્મેન્ટ ઝોનમાં સીનેમા હોલ, સ્કુલ, કોલેજ, મદરદા, આંગણવાડી, અને ટયુશન સેન્ટર બંધ કરી દેવામાં આવ્યા છે. લગ્નોમાં ભાગ લેનારાઓની સંખ્યા પણ ઓછી કરી દેવાઈ છે.

મલપ્પુરમ જીલ્લામાં આંશીક પ્રતિબંધ લગાવાયા છે.અધિકારીઓએ લોકોને જાહેર સ્થળો પર માસ્ક પહેરવાનું કહ્યું છે. રાજયનાં સ્વાસ્થ્ય મંત્રી વીના જયોર્જે જણાવ્યું હતું કે નિપાહ વાયરસથી મૃતકનાં સંપર્કમાં આવેલા ૧૭૫ જેટલા લોકોને આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. જેમાં ૭૪ સ્વાસ્થ્ય કર્મીઓ પણ છે.


॥ જય શ્રી વલ્લભ ॥
હાર્દિક શુભેચ્છા....



મેસર્સ નવીનચંદ્ર એન્ડ કું.
ફૂટવેરનાં હોલસેલ વેપારી
હવેલી લાઈન, જૂનાગઢ
ફોન : ૨૬૫૧૩૬૭, મો. ૯૮૨૫૨ ૨૦૧૧૦

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.




હાર્દિક શુભેચ્છા...
પેટનાં રોગો, વા, દમ, જેવા હઠીલા રોગોની આયુર્વેદિક ચિકિત્સા
ડો. વિપુલ મહેતા
એમ.ડી.(આયુ.) આયુર્વેદ નિષ્ણાંત
શ્રેયસ આયુર્વેદ કલીનીક
૧૨૩ /૨૫ ઈન્દ્રલોક આર્કેડ, મહર્ષિ અરવિંદ માર્ગ, તળાવ દરવાજા, જૂનાગઢ
મો. ૯૮૨૫૧ ૨૦૬૨૪
સમય : સવારનાં ૯ થી ૧ સાંજે ૫ થી ૮

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૯૦ ૫૫૮૨

• હરકયુલિસ સાયકલ • કોરોડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાયસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

# ઝેવિયર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ભુવનેશ્વર દ્વારા સમૃદ્ધ વારસાના ૩૭ વર્ષની ઉજવણી

## વાર્ષિક બિઝનેસ એક્સેલન્સ સમિટની ૬ઠ્ઠી આવૃત્તિનો કાર્યક્રમ યોજાયો










(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

સમૃદ્ધ વારસાના ૩૭ વર્ષની ઉજવણી કરતા, ઝેવિયર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, ભુવનેશ્વરે(XIMB) ૧૪મી સપ્ટેમ્બરથી ૧૫મી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમ્યાન વાર્ષિક બિઝનેસ એક્સેલન્સ સમિટની ૬ઠ્ઠી આવૃત્તિનું આયોજન કર્યું હતું. આ વર્ષની સમિટની થીમ "**Redefining Possibilities.**" હતી. આ કાર્યક્રમની અધ્યક્ષતા વાઈસ ચાન્સેલર ફા. એન્ટની આર. ઉવરી, એસ.જે., ડેપ્યુટી રજીસ્ટ્રાર અને મુખ્ય નાણાકીય અધિકારી ફા. વી. અરોકિયા દાસ, એસ.જે., એસોસિયેટ ડીન - **Career Advisroy Services** પ્રો. ફ્રાન્સિસ થોમસ કેસ્ટેલિનો, પ્રો. ડી.વી. રમના અને માનનીય મુખ્ય વક્તા સિદ્ધાર્થ ગુપ્તા. સ્વાગત પ્રવચન વાઈસ ચાન્સેલર ફા. એન્ટોની આર. ઉવરી, એસ.જે., જેમણે બિઝનેસ એક્સેલન્સ સમિટ ૨૦૨૪ની જાહેરાત કરી, ખુલ્લું મુક્યું. સ્ટુડન્ટ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના જનરલ સેક્રેટરી સ્વયં દીપ દાશે બિઝનેસ એક્સેલન્સ સમિટની થીમ રજૂ કરવાની તક લીધી. સિદ્ધાર્થ ગુપ્તા, પ્રેસિડેન્ટ - મર્સર, **XIM**, ભુવનેશ્વરના પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થીએ **Redefining Possibilities** ઉપર એક સશક્તિકરણ સંબોધન કર્યું. તેમણે કોર્પોરેટ મૂડીવાદના પડકારો અને ભારતના નીચા વપરાશ દરો ઉપર વાત કરી, પ્રેક્ષકોને યથાસ્થિતિથી આગળ વિચારવા વિનંતી કરી. તેમની સફરમાંથી ડ્રો કરીને, તેમણે **COVID, AI** અને ટકાઉપણું જેવા વિક્ષેપોના સામનામા નવીનતાની પરિવર્તનશીલ શક્તિ પર ભાર મૂક્યો. તેમણે સતત બદલાતી દુનિયામાં સમૃદ્ધ થવાની ચાવી તરીકે સ્થિતિસ્થાપકતાને પ્રકાશિત કરી. તેમણે એમ પણ કહ્યું, **"People generally don't step up to take charge, whenever you find yourself shying away ro stepping down from adversities, do the contrary and seize every opprotunity".** સુભાંકર પટ્ટનાયક, ડાયરેક્ટર અને બિડ મેનેજમેન્ટના **nuyËT, ANZ and India, SAP**એ ટેક્નોલોજી અને વર્ષો દરમ્યાન ટેક્નોલોજીકલ ફેરફારો વચ્ચેની સમાનતા અને તફાવતો વિશેની થીમ્સ આવરી લીધી હતી. તેમણે આ સતત બદલાતી, **AI**-સંચાલિત દુનિયામાં નેતૃત્વના ગુણો હોવા ઉપર ભાર મૂક્યો અને વિદ્યાર્થીઓને હંમેશા શીખવાનું ચાલુ રાખવા અને તેમની જિજ્ઞાસાને ક્યારેય ન છોડવા વિનંતી કરી. આ પુનરોચ્ચાર કરવામાં આવ્યો જ્યારે તેણે કહ્યું, **"Illiterate is not a person who cannot read and write, illiterate is a person who cannot learn, unlearn and relearn".** રાજેન મિશ્રા, ડાયરેક્ટર, ટેક મોડર્નાઈઝેશન, ગ્રાન્ટ થોર્ન્ટન ઈન્ડસ, **XIM**, ભુવનેશ્વરના ભૂતપૂર્વ વિદ્યાર્થી, કોર્પોરેટ જગતમાં વિકાસ માટે જરૂરી કૌશલ્યો ઉપર ભાર મૂકતા મેનેજમેન્ટના વિદ્યાર્થીના જીવન ઉપર મૂલ્યવાન આંતરદ્રષ્ટિ શેર કરી. મિશ્રાએ વિદ્યાર્થીઓને વિવિધ વિષયો ઉપર જ્ઞાનપૂર્ણ રીતે બોલવામાં સક્ષમ વ્યક્તિઓ બનવાનું લક્ષ્ય રાખીને, તેઓને જે વિષયો પ્રત્યે ઝનૂન છે તે શોધવા અને તેમાં ઊંડા ઉતરવા માટે પ્રોત્સાહિત કર્યા. **"Technology is not about building tech, but it is about understanding what I'm doing and why I'm doing".** અમિત તલગેરી, એક્સિસ બેંકના સી.આર.ઓ., ૨૦૨૪ માટે સમિટની થીમ સાથે સંરેખિત કરીને, બેંકિંગમાં 'સંભાવનાઓને પુનઃવ્યાખ્યાયિત કરવાની' જરૂરિયાત ઉપર પ્રકાશ પાડ્યો. તેમણે વર્તમાન બેંકિંગ લેન્ડસ્કેપ વિશે વાત કરી અને ડિજિટલ બેંકિંગના એવેન્યુથી તે કેવી રીતે નાટકીય રીતે બદલાઈ ગયું છે તે વિશે વાત કરી. તલગેરીએ પાંચ કૌશલ્યો વિશે પણ વાત કરી જે દરેક વિદ્યાર્થી પાસે તેમના ડોમેન- ડેટા, એનાલિટિક્સ, ટેક્નોલોજી, **VUCA** અને કોર્પોરેટ શિષ્ટાચારને ધ્યાનમાં લીધા વિના હોવા જોઈએ. તેણે સ્પષ્ટ કર્યું, **"The way of doing business is shifting towards sustainability, resilience, and long-term objectives."** ભાસ્કર બાસુ, ઈન્ફોર્મેશન સિસ્ટમ્સના પ્રોફેસર, વક્તાઓ સાથે હાથ ધરવામાં આવેલી જૂથ ચર્ચાના મધ્યસ્થી હતા. તેમણે વક્તાઓના સંબંધિત ઉદ્યોગોમાં વર્તમાન પ્રવાહો વિશે સામાન્ય ચર્ચા સાથે શરૂઆત કરી. જવાબદાર **AI** ના ઉપયોગ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ઋષિ કુમાર વર્મા, ચીફ માર્કેટિંગ ઓફિસર, લાર્સન એન્ડ ટુબ્રો મેટ્રો રેલ હૈદરાબાદ લિમિટેડ, **XIM**, ભુવનેશ્વરના પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. તેઓ કન્ઝ્યુમર બિહેવિયર અને બ્રાન્ડ મેનેજમેન્ટમાં વિશેષતા ધરાવતા અનુભવી માર્કેટિંગ પ્રોફેશનલ છે. એરટેલ સાથે તેના મુખ્ય ગતિશીલ સંક્રમણો દરમિયાન સંકળાયેલા હોવાને કારણે, તે ટેલિકોમ ઉદ્યોગના વિકાસને યાદ કરે છે અને કેવી રીતે ગ્રાહકો પ્રીમિયમ પેઈડ આઉટગોઈંગ કોલમાંથી નોવેલ હેન્ડસેટમાં સંક્રમિત થયા હતા. વર્માએ ઉલ્લેખ કર્યો છે **"The challenge is how you motivate customers to stay and keep choosing you, since they are our ultimate brand ambassadros".** સાયન્તાની દત્તાએ, બજાજ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના ચીફ હ્યુમન રિસોર્સ ઓફિસર તેમની સફર માટે ખૂબ જ આભાર વ્યક્ત કર્યો, વિદ્યાર્થીઓને મોટા સપના જોવા અને મર્યાદા વિના મહત્વાકાંક્ષા અપનાવવા વિનંતી કરી. તેણીના પોતાના અનુભવો ઉપર પ્રતિબિંબિત કરતા, દત્તાએ સલાહ આપી, **"Enjoy your days here, do your best, because the wrold outside is waiting fro you to take off. A lot of things you'll not realize until you step out of this place and bloom in the real wrold."** તેણીએ એકીકૃત બ્રાન્ડ વિઝનના મહત્વ ઉપર ભાર મૂક્યો જે રોકાણકારો અને ગ્રાહકો સાથે વાત કરી શકે જે "કામ ઉપર કલ્પના"ના વિચાર તરફ દોરી જાય છે. એના ખુરાના, કીઈ સ્ક્વેર એનાલિટિક્સનાં ચીફ પીપલ ઓફિસર, તેમના અલ્મા મેટર **XIM**, ભુવનેશ્વરને "શિક્ષણનું મંદિર" તરીકે ઓળખાવે છે. ખુરાનાએ શીખવાની પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા અનુભવાતી અનિશ્ચિતતા અને ડરને તેઓ અંગત રીતે અનુસરે છે તેવા અવતરણ સાથે સંબોધિત કરે છે - **"The optimist fell 12 stroies and at each window bar, he shouted to the people who were hrorified below, well I am alright so far".** તેણીના મતે, આજના કોર્પોરેટ વિશ્વ માટે એક મુખ્ય આવશ્યકતા એ પોકેટ સ્કીલ હોવું છે. ચાવી એ છે કે જ્યાં સુધી કોઈ વ્યક્તિ તેમાં એટલી સારી ન હોય કે કોઈ તેને જવા દેવા માંગતું નથી ત્યાં સુધી તેની પ્રેક્ટિસ કરવાનું ચાલુ રાખવું. મનમીત સંધુ, ચીફ પીપલ ઓફિસર, **PhonePe, XIM**, ભુવનેશ્વરના એક પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થી પણ **PhonePe** તરફ દોરી જતી તેમની વ્યાવસાયિક સફરના મુખ્ય હાઈલાઈટ્સની ચર્ચા કરે છે. તેણીએ પ્રક્રિયામાં વિશ્વાસ રાખવાના મહત્વ ઉપર પ્રકાશ પાડ્યો અને ઉલ્લેખ કર્યો કે **"You are wherever you're meant to be. Learning from the wrost experiences and joy from the best ones make you the person you are".** સ્પીકર્સે થીમની આસપાસ માર્કેટિંગના પ્રોફેસર, પ્રો. સૌમ્યા સરકાર દ્વારા સંચાલિત એક સમૃદ્ધ પેનલ ચર્ચા માટે મંચ ખોલ્યો. ઈવેન્ટના બીજા દિવસે એસોસિયેટ ડીન - **Career Advisroy Services** પ્રો. ફ્રાન્સિસ થોમસ કેસ્ટેલિનોની અધ્યક્ષતા કરવામાં આવી હતી. દિવસના મુખ્ય વક્તા રિચાર્ડ લોબો - **CPO,** ટેક મહિન્દ્રા હતા. રિચાર્ડ લોબો, ટેક મહિન્દ્રાના ચીફ પીપલ ઓફિસર અને **XIM** ભુવનેશ્વરના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ, **XIM** ભુવનેશ્વર ખાતે નેતૃત્વને સંબોધિત કર્યું, જેમાં ઝડપી તકનીકી ફેરફારોનો સામનો કરીને નવીનતા અને નીતિશાસ્ત્ર ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે ચર્ચા કરી કે કેવી રીતે **AI**, નવા બિઝનેસ મોડલ્સ, ટકાઉપણું અને ભૌગોલિક રાજકીય પરિવર્તનો બિઝનેસ લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી રહ્યા છે, નેતાઓને સ્વપ્રદ્રષ્ટા વિચાર અને અખંડિતતા સાથે અનુકૂલન કરવા વિનંતી કરી. બોઈંગ અને સત્યમ જેવી નૈતિક નિષ્ફળતાઓના ઉદાહરણોનો ઉપયોગ કરીને, લોબોએ ભારપૂર્વક જણાવ્યું કે "ખોટી વસ્તુ કરવાનો કોઈ સાચો રસ્તો નથી" અને મૂલ્યો અને વારસા ઉપર પ્રતિબિંબને પ્રોત્સાહન આપ્યું. તેમણે શેર કર્યું કે કેવી રીતે નેટવર્ક વિશ્લેષણ તેમની એચઆર મુસાફરીને માર્ગદર્શન આપે છે, ભારપૂર્વક જણાવે છે કે લોકો સૌથી મોટી સંપત્તિ છે, અને આ વિચાર સાથે નિષ્કર્ષ ઉપર આવ્યા: **"A leader succeeds because their netwrok succeeds."** અંત તરફ, લોબોએ પ્રો. ફ્રાન્સિસને તેમના નવા પ્રકાશિત પુસ્તક, **"Human at Wrok: Arm Yourself to Thrive in a Fast-Hanging Wrokplace."** સંબિત મોહંતી, બિઝનેસ ડેવલપમેન્ટ લીડર, સિમેન્સ ડિજિટલ ખાતે ઈન્ડિયા સ્ટાર્ટઅપ્સ અને **XIM** ભુવનેશ્વરના ભૂતપૂર્વ વિદ્યાર્થી, તમામ ક્ષેત્રોમાં ટેક્નોલોજીની હકારાત્મક અને નકારાત્મક અસરોની ચર્ચા કરીને તેમના સંબોધનની શરૂઆત કરી. તેમણે રિટેલ, હેલ્થકેર, ટેલિકોમ, મેન્યુફેક્ચરિંગ અને વધુ જેવા ઉદ્યોગો પર ટેકની અસરનું વિગતવાર વર્ણન કર્યું. શ્રી મોહંતીએ ત્યારપછી **AI** સાથે સંકળાયેલા કેટલાક પડકારો જેમ કે ડેટા ભંગ, નૈતિક ચિંતાઓ, સાહિત્યચોરી વગેરે વિશે વિગતવાર જણાવ્યું. બિજુ ડોમિનિક, ચીફ ઈવેન્જલિસ્ટ, ફ્રેક્ટલ એનાલિટિક્સ અને **XIM** યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે માનવીય પડકારોનો સામનો કરવા માટે એકલા અદ્યતન ટેકનોલોજી અપૂરતી છે. તેમણે કોવિડ-૧૯ રોગચાળા દરમ્યાન એર ઈન્ડિયા એક્સપ્રેસ ક્રેશ અને રસી અંગેની ખચકાટ જેવા ઉદાહરણો સાથે આ વાત સમજાવી. ડોમિનિકે માનવ વર્તણૂકની વધુ વ્યાપક સમજ મેળવવા માટે ન્યુરોસાયન્સ અને ભાવનાત્મક પુરસ્કારો જેવા ખ્યાલોના મહત્વને પણ પ્રકાશિત કર્યું. શ્રીધર દાશ, **XIM** ભુવનેશ્વરના ફાયનાન્સના પ્રોફેસર, વક્તાઓ સાથે આયોજિત જૂથ ચર્ચાના મધ્યસ્થી હતા. ચર્ચાએ ડેટાના આધારે નિર્ણય લેવાની પ્રક્રિયા ઉપર પ્રકાશ પાડ્યો હતો. ડો. દેબબ્રત ડેશ, એચઆર હેડ, ઈસ્ટર્ન ઈન્ડિયા, આર્સેલર મિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા અને **XIM** યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થીએ "ડાયનેમિક ઈન્ડસ્ટ્રીઝમાં કારકિર્દી વૃદ્ધિ" ઉપર વાર્તાલાપ આપ્યો. તેમણે ઝડપી તકનીકી પ્રગતિ, **AI** ઓટોમેશન અને વૈશ્વિક બજાર પરિવર્તનની કારકિર્દીની પ્રગતિ ઉપરની અસર ઉપર ભાર મૂક્યો હતો. અનુકૂલનક્ષમતા અને ડેટા-સંચાલિત નિર્ણય લેવાની જરૂરિયાત ઉપર ભાર મૂકતા, ડો. ડેશે લાંબા ગાળાની સફળતા માટે નવીનતા અને નાણાકીય સ્થિરતા વચ્ચેના સંતુલન ઉપર પ્રકાશ પાડ્યો હતો. **"A fundamental difference between job and career is that the job is given by the recruiter but your career is defined by you."** અર્નબ પાલ, એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર - **HR**, ડિઝની સ્ટાર ઈન્ડિયા અને **XIM** યુનિવર્સિટીના ગૌરવશાળી ભૂતપૂર્વ વિદ્યાર્થીએ તેમના સંબોધનની શરૂઆત હળવી નોંધ ઉપર કરી, તેમની મુસાફરીની આંતરદ્રષ્ટિ શેર કરી. તેણે એન્જિનિયરિંગમાંથી **MBA** સુધીના તેના સંક્રમણ વિશે અને તેણે તેની કારકિર્દીમાં પડકારો અને તકોને કેવી રીતે શોધ્યા તે વિશે વાત કરી. તેમણે વિદ્યાર્થીઓને શૈક્ષણિક સમર્પણને સંતુલિત કરીને મજબૂત પીઅર સંબંધો બાંધવા અને વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસની તકોને પ્રોત્સાહન આપીને તેમના કૉલેજના અનુભવનો મહત્તમ ઉપયોગ કરવા વિનંતી કરી. તેમણે કહ્યું, **"Education is what you remember after you have learned everything"** વ્યક્તિગત સંબોધન પછી, અરૂણ પોલે, ઓપરેશન્સના પ્રોફેસર, વિદ્યાર્થીઓને પોતાનામાં વિશ્વાસ રાખવા માટે પ્રોત્સાહિત કરીને પ્રેરણાદાયી વાર્તાલાપ આપ્યો. તેમણે જેફ બેઝોસ જેવા સ્વપ્રદ્રષ્ટા નેતાઓ અને ભારતીય પેરાલિમ્પિક ટીમની સ્થિતિસ્થાપકતાના ઉદાહરણો સાથે તેમનો સંદેશ સમજાવ્યો. ત્યારબાદ પ્રેક્ષકો સાથે પ્રશ્નોત્તરી સત્ર માટે ફ્લોર ખોલવામાં આવ્યું હતું જેમાં વિચારપ્રેરક વિષયોની શ્રેણીમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાએ અગાઉની પેઢીઓ અને આજના યુવાનોની વિરોધાભાસી માનસિકતામાં વક્તાની આંતરદ્રષ્ટિને સ્પર્શી હતી, સાથે તેમના મૂલ્યવાન અનુભવો અને **XIMB** ખાતે મીડિયા અને **PR** સેલની સ્થાપના અને નેતૃત્વના પાઠો, જેણે શ્રોતાઓને સમૃદ્ધ ટેકવે ઓફર કર્યા હતા. **XIM** ભુવનેશ્વરની ફ્લેગશિપ ઈવેન્ટ, બિઝનેસ એક્સેલન્સ સમિટ ૨૦૨૪ના બે દિવસનો સત્તાવાર સમાપન સમારોહ સાથે ઉત્સાહપૂર્ણ અંત આવ્યો. સ્ટુડન્ટ એક્ઝિક્યુટિવ કાઉન્સિલના જનરલ સેક્રેટરી, સ્વયંદીપ દાશે, વાઈસ ચાન્સેલરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો - ફાધર. એસ. એન્ટોની આર. ઉવરી એસજે, અને ડેપ્યુટી રજીસ્ટ્રાર અને મુખ્ય નાણાકીય અધિકારી- ફા. વી. અરોકિયા દાસ, સ્પીકર્સ અને ફેકલ્ટી તેમના સતત સમર્થન માટે કે જેણે ઈવેન્ટને જબરદસ્ત સફળતા આપી. ઉત્કૃષ્ટ કેમ્પસ કાર્યક્રમો યોજવા માટે સંસ્થાની કાર્યાત્મક અને રસ સમિતિઓનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમણે ફ્લેગશિપ ઈવેન્ટને આવરી લેવા અને તેની પહોંચને વિસ્તૃત કરવા માટે તમામ મીડિયા ભાગીદારોનો આભાર માન્યો. બિઝનેસ એક્સેલન્સ સમિટ ૨૦૨૪ના બે ફળદાયી દિવસો દરમ્યાન વિદ્યાર્થીઓએ મેળવેલી મુખ્ય શિક્ષાઓ લઈને ઈવેન્ટ સફળતાપૂર્વક પૂર્ણ થઈ.

# જૂનાગઢ શહેરમાં ઈદ મિલાદનું શાનદાર જુલુસ યોજાયું - હજારો લોકો જોડાયા





જૂનાગઢ તા.૧૭

ઈસ્લામ ધર્મના સૌથી મહાન પૈગંબર, સમગ્ર માનવ જાતના મસિહા હઝરત મોહમ્મદ સ. અ. વ નાં જન્મદિન ઈદે મિલાદ નિમિત્તે જૂનાગઢ શહેરમાં ગઈકાલે શાનદાર ઝુલુસ યોજાયું હતું .જેમાં હજારોની સંખ્યામાં અકિદાતમંદોએ ભાગ લીધો હતો. આજનું ઝુલુસ ત્રણ કિલોમીટર કરતાં પણ વધુ લાંબુ હતું જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લઈને ઈદે મિલાદની શાનદાર ઉજવણી કરી હતી . આજ ના ઝુલુસ માં નાના-મોટા વાહનો , ઉટગાડીઓ , ઘોડા સાથેની બગીઓ જોડાઈ હતી. લોકોએ , નારાએ તકબિર અને લબ્બૈક યા રસુલુલ્લાહના નારા સાથે જુલુસમાં ભારે ઉત્સાહ ભરી દીધો હતો. જૂનાગઢ શહેરમાં વાલીએ સોરઠની દરગાહ ખાતેથી જૂલુસ શરૂ થયું હતું અને સુખનાથ ચોક , કોર્ટ રોડ, ચિત્તાખાના ચોક , ઢાલ રોડ ,માંડવી ચોક , ઝાલોરાપા થઈ ઉધી વાળા ખાતે ઝુલુસ સંપન્ન થયુ હતું. જૂનાગઢ શહેરના અગ્રણીઓ, કાર્યકર્તાઓએ સતત ખડેપગે રહી સંકલન જાળવી રાખ્યું હતું. જૂનાગઢ શહેરમાં ઈદે મિલાદની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# આરંભડામાં પત્નીની છરીના ઘા ઝીંકી હત્યા કરી પતિએ ગળાફાંસો ખાધો

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુરજકરાડી પંથકમાં સોમવારે મોડીસાંજે ખુની ખેલ ખેલાયો હતો જેમાં કથિત ગૃહકંકાશમાં ડ્રાઈવિંગ-મજુરી કામ કરતા યુવાને તેના પત્નીની તિક્ષ્ણ હથિયાર છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવીને ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધાનો બનાવ બહાર આવ્યો છે. બનાવ મામલે જાણ થતા પોલીસ ઘટનાસ્થળ પર દોડી ગઈ છે. હત્યાના બનાવે સુરજકરાડી પંથક સહિત દેવભૂમિ પંથકમાં ભારે એરરાટી સાથે ચકચાર જગાવી છે. પોલીસસુત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર દ્વારકા જિલ્લાના સુરજકરાડીમાં આશાપુરા સોસાયટી પાછળના ભાગના વિસ્તારમાં રહેતા ભાવનાબેન વલીયાભા માણેક(ઉ.વ.૩૦) નામની પરિણિતાની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો.જે સાથે જ રૂમમાં તેના પતી વલીયાભા મોમૈયાભા માણેક(ઉ.વ.૩૪)નો પણ ફાંસો ખાધેલી હાલતમાં મૃતઃપ્રાય દેહ મળી આવ્યો હતો. આ બનાવની જાણ થતા જ મીઠાપુર પોલીસની ટીમ તાકિદે ઘટનાસ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોષ્ટમોર્ટમ અર્થે હોસ્પીટલમાં ખસેડવા માટે તજવિજ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ભાવનાબેનને તિક્ષ્ણ હથિયાર છરીના ઘા ઝીંકી દેવાતા તેનુ મૃત્યુ નિપજયુ હોવાનુ તારણ સામે આવ્યુ હતુ.જે સાથે તેના પતિ વલીયાભા મોમૈયાભા માણેક પણ ગળાફાંસો ખાધેલી હાલતમાં રૂમ અંદર લટકતા મૃત હાલતમાં મળી આવ્યા હતા.પતિ અને પત્ની લગભગ ત્રણ ચાર માસથી અલગ અલગ રહેતા હોવાનું જાણવા મળ્યું છે. સંભવત દંપતિ વચ્ચે બોલાચાલી થતા આવેશમાં આવી આ ખુની ખેલ બાદ પતિએ પણ ગળાફાંસો ખાઈ આત્મઘાતી પગલુ ભર્યાનુ પ્રાથમિક તપાસમાં ખુલ્યુ છે. આ સમગ્ર બનાવ મામલે ફરીયાદ નોંધવા પોલીસે તજવિજ હાથ ધરી છે.

# દ્વારકા નજીકના દરિયામાંથી વધુ એક વખત ચરસનો જથ્થો ઝડપાયો

## રૂા.૯૩ લાખ જેટલી કિંમતનો બિનવારસુ ચરસ કબ્જે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકા, મીઠાપુર, ઓખા વિસ્તારને સાંકળતા દરિયા કાંઠા વિસ્તારમાંથી થોડા સમય પૂર્વે હાઈ ક્વોલિટીના કરોડો રૂપિયાના ચરસના પેકેટ દરિયાઈ પાણીમાં તણાઈ આવતા બિનવારસુ મળી આવ્યા હતા. જે પ્રકરણ સંદર્ભે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી.

આ વચ્ચે ગઈકાલે રાત્રે વધુ એક વખત રૂ. ૯૩.૩૦ લાખની કિંમતનું ચરસના બે પેકેટ બેટ દ્વારકાના દરિયા કાંઠેથી મળી આવ્યું છે. આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દેવભૂમિ દ્વારકાના બેટ દ્વારકા વિસ્તારમાં આવેલી એક દરગાહ પાસેના દરિયા કિનારા ખાતે ગઈકાલે સોમવારે રાત્રિના સમયે એક શંકાસ્પદ બે પેકેટ પડ્યા હોવાથી આ અંગે પોલીસે ઘટના સ્થળે દોડી જઈ અને આ પેકેટનો કબજો લીધો હતો. પોલીસ તપાસમાં આ પેકેટોમાં હાઈ ક્વોલિટીનો ચરસ હોવાનું જાહેર થયું છે. જેનું વજન ૧ કિલો ૮૬૬ ગ્રામ હોવાનું ખુલવા પામ્યું છે. આથી દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગના પી.એસ.આઈ. આર.જી. વસાવાએ જાતે ફરિયાદી બનીને કોઈ અજાણ્યા શખ્સોએ પોતાના અંગત ફાયદા માટે આ માદક પદાર્થ ચરસની હેરાફેરી કરી અને કોઈ પણ કારણોસર દરિયામાં અથવા દરિયાકાંઠે છોડી દીધો હતો. આ ચરસની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં રૂપિયા ૯૩ લાખ ૩૦ હજારની ગણવામાં આવી છે. જે આરોપી શખ્સોએ પોલીસના હાથે પકડાઈ જવાની બીકથી છોડી દીધી હતો. આ સમગ્ર પ્રકરણ અંગે બેટ દ્વારકા પોલીસે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ પી.આઈ. કે.એસ. પટેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢની સેવાભાવી સંસ્થાઓને સુશીલાબેન છોટાલાલ શાહ દ્વારા રૂા.૭,૦૦,૦૦૦નું અનુદાન આપવામાં આવ્યું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

દાનવીર સુશીલાબેન છોટાલાલ શાહ દ્વારા એમના માતા-પિતાના આશીર્વાદથી તેઓ હંમેશા જરૂરિયાતમંદ લોકોને લાખો રૂપિયાના દાન કરતા આવ્યા છે.

તેના ભાગરૂપે આજ રોજ જૂનાગઢની જુદી જુદી સંસ્થાઓને લાખો રૂપિયાનું દાન કરેલ જેમાં (૧) ઉમિયા સોસાયટીના રીનોવેશન માટે રૂા.૨,૦૦,૦૦૦, (૨) સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ રૂા.૧,૦૦,૦૦૦, (૩) મયારામદાસજી આશ્રમને રૂા.૧,૦૦,૦૦૦, (૪) પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટ ૧,૦૦,૦૦૦, (૫) જૈન દેરાવાસી સંઘ રૂા.૧,૦૦,૦૦૦ કુલ રૂપિયા ૭,૦૦,૦૦૦ના દાનના ચેક જવાહર રોડ સ્થિત અંધ કન્યા છાત્રાલય ખાતે દરેક સંસ્થાને અર્પણ કરવામાં આવ્યા હતા. ઘરનો પ્રસંગ હોય એ જ રીતે નાનો પણ સુંદર કાર્યક્રમ છાત્રાલયના આંગણામાં રાખવામાં આવેલ હતો. જેમાં સુશીલાબેન છોટાલાલ શાહની જીવન ઝરમરની વાતો કરવામાં આવેલી અને તે તમામ વાતો દરેકના જીવન માટે પ્રેરણાદાઈ હતી. આ કાર્યક્રમમાં જૈન વણિક સમાજના બહેનો દ્વારા ચાલતું ઝવેરી મહિલા મંડળે હોંશે હોંશે આનંદ અને ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં ગીતની રમઝટ બોલાવી હતી આ પ્રસંગે વણિક સમાજના પ્રમુખ હિતેશભાઈ સંઘવી, સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટના પ્રમુખ મનસુખભાઈ વાજા, જૈન દેરાવાસી સંઘના દિનેશભાઈ શેઠ, પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટના મેને. ટ્રસ્ટી મુકેશભાઈ મેઘનાથી, શાંતવન ટ્રસ્ટના નીલમબેન પરમાર, મયારામદાસજી આશ્રમના સુરેશભાઈ મહેતા, શાંતિભાઈ સોલંકી, કુમારભાઈ રાવલ, ગાયત્રી પરિવારના મેનેજર ટ્રસ્ટી નાગભાઈ વાળા, ગોપાલભાઈ શાસ્ત્રી, દયાબેન માણેક અને પુષ્પાબેન પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

ખુશીના માહોલમાં અંધ દીકરીઓને ઝવેરી મહિલા મંડળના બહેનો, જેમાં બીનાબેન શેઠ, નીતાબેન ગાંધી, ભાવનાબેન દોશી, રીટાબેન ગાંધી, જાગૃતીબેન શાહ વિગેરે દ્વારા સરસ મજાની કીટ આપેલ હતી.

આ શુભ પ્રસંગને સફળ બનાવવા માટે અરવિંદભાઈ મારડિયા, બટુક બાપુ, અલ્પેશભાઈ પરમાર, કમલેશભાઈ પંડ્યા અને ચંપકભાઈ જેઠવા, વર્ષાબેન બોરીચાંગર, સરોજબેન જોશી તેમજ નામી- અનામી દરેકે જહેમત ઉઠાવી હતી.

# બી.ટી.સવાણી કિડની હોસ્પિટલમાં ઈન્ડિયન મેડીકલ એસોસિએશન રાજકોટ બ્રાન્ચના સહયોગથી અંગદાન અને મલ્ટીઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ ઉપર સેમિનાર યોજાયો



રાજકોટ, તા.૧૭

બી.ટી.સવાણી કિડની હોસ્પિટલમાં ઈન્ડિયન મેડીકલ એસોસિએશન, રાજકોટ બ્રાન્ચના સહયોગથી અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ પર સેમિનારની આયોજન તા.૧૫/૯/૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ. આ સેમિનાર યોજવાનો ઉદેશ્ય ડોકટરોને અંગદાન અને મલ્ટીઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ પર સેમિનાર વિષે જાગૃત કરવાનો હતો.

આ સેમિનારમાં વિખ્યાત નિષ્ણાતોએ અંગદાન અને મલ્ટીઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના વિવિધ પાસાઓની વિસ્તૃત ચર્ચા કરી હતી અને એમના અનુભવો જણાવ્યા હતા.

૧. ડો. પ્રાંજલ મોદી : મલ્ટી-ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ

૨. ડો. દિવ્યેશ વિરોજા : કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જન અને ટ્રાન્સપ્લાન્ટ પછીની સારવાર

૩. ડો. પંકજ ઢોલરીયા : કિડની ડોનર સર્જન અને લેપ્રોસ્કોપી ડોનર નેફ્રેકટોમી

૪. ડો. ધીરેન શાહ : હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ

૫. ડો. ધર્મેશ શાહ : આંખના નિષ્ણાંત અને રેટીના ટ્રાન્સપ્લાન્ટ

૬. ડો. મોનાલી માકડીયા : સ્કીન બેંક અને કેડેવરીક સ્કીન ડોનેશન

અંગદાનના મહત્વ વિષે પ્રેરણાદાયી સંબોધન બી.ટી.સવાણી કિડની હોસ્પીટલના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વિવેક જોષી, ઈન્ડિયન મેડીકલ એસોસિએશન, ગુજરાતના ડો. ભરત કાકડિયા, ઈન્ડિયન મેડીકલ એસોસિએશન, રાજકોટના પ્રેસિડેન્ટ ડો. કાંત જોગાણી, ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના સેક્રેટરી ડો. અમિષ મહેતાએ અંગદાનને પ્રોત્સાહન આપવા જનજાગૃતિ લાવવા જણાવેલ હતું.

આ સેમિનારમાં ૧૦૦ કરતા વધુ ડોક્ટરોએ અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટના વિવિધ પાસાઓની ચર્ચા કરી હતી અને અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટને પ્રોત્સાહન આપવા નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. એકંદરે આ સેમિનારને એક મોટી સફળતા સાંપડી હતી.

બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ અને ઈન્ડિયન મેડીકલ એસોસિએશને ડોકટરોમાં તેમના જ્ઞાન અને કૌશલ્ય વધારવા માટે આવા સેમિનાર સમયાંતરે યોજવા કટીબદ્ધતા દર્શાવી હતી.

# સોમનાથ ટ્રસ્ટ મીટીંગ-ટ્રસ્ટ અધ્યક્ષ ભારત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે યોજાઈ : નવા ટ્રસ્ટી નિમણુંક થઈ

## સોમનાથ ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરીકે વિશદ પજ્ઞનાભ મફતલાલની નિમણુંક કરાઈ



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસપાટણ તા.૧૭

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટની મીટીંગ ગઈરાત્રે ગાંધીનગર-રાજભવન ખાતે યોજાઈ જેમાં ટ્રસ્ટ અધ્યક્ષ અને ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ મીટીંગમાં ટ્રસ્ટમાં ખાલી પડેલ ટ્રસ્ટીની જગ્યા ઉપર વિશદ પજ્ઞનાભ મફતલાલની નિમણુંક કરાઈ. જેઓ સદગુરૂ સેવા ટ્રસ્ટનાં અધ્યક્ષ પણ છે તેમજ નવીન ફલોરાઈન ઈન્ટરનેશનલના ચેરમને છે.

આ ઉપરાંત મફતલાલ ગ્રુપની વિવિધ કંપનીઓ સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ છે. આ બેઠકમાં સોમનાથ મંદિર ટ્રસ્ટનાં માસ્ટર પ્લાનનું પ્રેઝન્ટેશન પણ વડાપ્રધાને નીહાળ્યું હતું અને મુખ્યત્વે આ બેઠકમાં સોમનાથ મંદીર પરિસર અને આસપાસના વિસ્તારોના વિકાસ માટે તૈયાર થયેલા માસ્ટર પ્લાન અને શ્રધ્ધાળુઓ માટે વિકસાવવામાં આવનારી સુવિધાઓ અંગે વડાપ્રધાનો રસપુર્વક પ્રેઝન્ટેશનમાં નિહાળી હતી. નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ મંદિરના વિકાસ માટે ચાલી રહેલા કામો અંગે પ્રગતિની તથા હવે પછી હાથ ધરાનાર કાર્યો અંગેની વિગતો પણ જોઈ હતી. ત્રણ કલાક ચાલેલી આ બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હય તે કારણે તેમજ વરિષ્ઠ રાજનેતા લાલકૃષ્ણ અડવાણીની નાદુરસ્તી તબીયત તથા જે.ડી. પરમાર નાદુરસ્ત તબીયત કારણે ઉપસ્થિત રહી શકયા ન હતા. જયારે અન્ય ટ્રસ્ટીઓ પૂર્વ મુખ્ય સચિવ પી.કે. લહેરી, હર્ષવર્ધન નિવેટીયા આ બેઠકમાં સામેલ થયા હતા. માસ્ટર પ્લાન આર્કિટેકટ રાજીવ કટપાલિયાએ પ્રેઝન્ટેશન કર્યું હતું, તેમ અહેવાલ જણાવે છે.

# માંગરોળ તાલુકાના રહિજ ગામે નંદાણિયા પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૬

માંગરોળ તાલુકાના રહિજ ગામમાં તા. ૧૩/૦૯/૨૦૨૪ ને ગુરુવાર,ભાદરવા સુદ દશમના રોજ સ્વ.જેઠાભાઈ દેવસીભાઈ નંદાણિયા,ઉ.વ.૮૫નું દુઃખદ અવસાન થયેલ છે, જેઓ જગમાલભાઈ જેઠાભાઈ નંદાણિયા, લક્ષ્મણભાઈ જેઠાભાઈ નંદાણિયા તેમજ રાણાભાઈ જેઠાભાઈ નંદાણિયા (પોલિસ ડિપાર્ટમેન્ટ)ના પિતાશ્રી થાય છે.તેમજ રક્તદાન,ચક્ષુદાન જેવી વિવિધ સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલ અને શિવમ્ ચક્ષુદાન આરેણાને સાથ અને સહકાર આપતા દિનેશભાઈ નંદાણિયાના મોટાબાપુજી થાય છે.

આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા સ્વ.જેઠાભાઈના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આથી રહિજ ગામના વતની દિનેશભાઈ નંદાણિયાએ શિવમ ચક્ષુદાન આરેણાના સંચાલકશ્રીને જાણ કરતા, હરદિપસિંહ જેઠવાએ મૃતકના બન્ને ચક્ષુ લઈ મુનિ સંત બાલાજી આઈ બેંક વેરાવળ,જિ.ગીર સોમનાથને કરશનભાઈ વાજા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં.

આજના આ ચક્ષુદાનનો સ્વિકાર મોહિતભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યો હતો.આ ચક્ષુદાન સમયે તેમના નજીકના સગા સબંધી પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. આજના આ ચક્ષુદાન સમયે રાહુલભાઈ રામ,લક્ષ્મણભાઈ રામ એ ચક્ષુદાન વિશે માહિતી તથા સલાહ આપી હતી.અને ચક્ષુ કલેક્શનમાં જરુરી મદદ અને વ્યવસ્થા કરી આપી હતી. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. મિત્રો આ તકે આપને જણાવી એ છીએ કે આપણા વિસ્તાર મા કોર્નિયા થી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલા ની તપાસ કરી ને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખ ના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકો ને કોર્નિયા થી અંધ વ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે.આવી વ્યક્તિ ની જાણ કરવા વિનંતી છે જેથી એમને



આપણે દ્રષ્ટિ ફરી થી અપાવી શકીએ છીએ

# ઉના ભિમપરા ચોકમાં જય અંબે ગણેશ ઉત્સાવ મિત્ર મંડળ દ્વારા ભવ્ય આયોજન કરાયું

(નિરવ ગઢીયા દ્વારા) ઉના તા.૧૭

ઉના માં આ વર્ષે ભિમપરા વિસ્તાર માં જતાની સાથે ચોરા પાસે જય અંબે ગણેશ ઉત્સવ મિત્ર મંડળ ના યુવાનો આર ભારે જહેમત ઉઠાવી અને ભવ્ય શો ગોઠવેલ જેમાં લોકા ટોળે ટોળા ઉમટી પડેલ જ્યારે અનેક અવનવા પ્રોગ્રામ પણ રાખેલ જેમાં દાંડિયા અને મટકી નો પણ પ્રસંગ રાખેલ જ્યારે તમામ લોકો ઉત્સાહ સાથે લાભ લીધેલ અને મજા માણેલ હતી.



# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામત કામગીરી પુરજોશમાં



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદ બાદ ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામત કામગીરી જિલ્લા કલેક્ટર જી.ટી. પંડ્યાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં હાથ ધરવામાં આવી રહી છે.દેવભૂમિ દ્વારકા જિલ્લા માર્ગ-મકાન વિભાગ સ્ટેટ અને પંચાયતના કાર્યપાલક ઈજનેર અને તેમની ટીમ દ્વારા આ કામગીરી પુરજોશમાં ઠેર-ઠેર કરવામાં આવી રહી છે. માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ હેઠળના લીંબડી-રાણ-ગુરગઢ-ચરકલા રોડ પર ડામર પેચવર્ક કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# ભેંસાણ સરકારી કોલેજમાં સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા NEP અંતર્ગત સેમિનાર યોજાયો




(પ્રતિનિધિ દ્વારા)

ભેસાણ તા.૧૭

સરકારી કોલેજ ભેસાણના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા એફ.વાય બીએ સેમ ૧ ના મેજોર, માયનોર અને મલ્ટી વિષયના વિદ્યાર્થીઓની NEP અંતર્ગત સામાજિક પાસાઓના વિષય પર સેમિનાર યોજાયો. આ સેમિના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. પંકજ એમ સોંદરવાનાં માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં ડો.પંકજ એમ. સોંદરવા સાહેબે પર્યાવરણ, સંચાર માધ્યમો, સહકાર અને શિક્ષણ જેવા સામાજિક પાસાઓ વિષય વિશે પ્રાથમિક પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમના કોર્ડીનેટર ડો સચિન જે. પીઠડીયા સાહેબે સેમિનારનાં વિષય પર વિદ્યાર્થીઓ સાથે સમૂહ ચર્ચા કરી હતી. એફ.વાય બીએ સેમ ૧ મેજોર, માયનોર અને મલ્ટી સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓએ પર્યાવરણ, સંચાર માધ્યમો, સહકાર અને શિક્ષણ જેવા વિષય પર પ્રેઝન્ટેશન આપેલું હતું. ટી.વાય.બી.એ સેમેસ્ટર પાંચમાં અભ્યાસ કરતા હોથી સેઝાદએ સમાજશાસ્ત્ર વિષય વિશે એફ.વાય ના વિદ્યાર્થીઓને માર્ગદર્શક કર્યા હતા. સેલોટ આર્મી વિદ્યાર્થીનીએ સેમિનાર ભાગ લેતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કર્યું હતું. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ કૌશલ્ય વિકાસ , બોડી લેંગ્વેજ, વ્યક્તિત્વ નિખારવું અને સ્ટેજ પર પર્ફોર્મન્સ કરતા શીખે તેવા ઉમદા હેતુ થી આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.ભેસાણ સરકારી કોલેજમા સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા NEP અંતર્ગત સેમિનાર યોજાયો.

તારીખ ૧૪-૯-૨૦૨૪ શનીવારના રોજ સરકારી કોલેજ ભેસાણના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા એફ.વાય બીએ સેમ ૧ ના મેજોર, માયનોર અને મલ્ટી વિષયના વિદ્યાર્થીઓની દ્વઈ અંતર્ગત સામાજિક પાસાઓના વિષય પર સેમિનાર યોજાયો. આ સેમિના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. પંકજ એમ સોંદરવા સાહેબનાં માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં ડો.પંકજ એમ. સોંદરવા સાહેબે પર્યાવરણ, સંચાર માધ્યમો, સહકાર અને શિક્ષણ જેવા સામાજિક પાસાઓ વિષય વિશે પ્રાથમિક પરિચય આપ્યો હતો. આ કાર્યક્રમના કોર્ડીનેટર ડો સચિન જે. પીઠડીયા સેમિનારનાં વિષય પર વિદ્યાર્થીઓ સાથે સમૂહ ચર્ચા કરી હતી. એફ.વાય બીએ સેમ ૧ મેજોર, માયનોર અને મલ્ટી સમાજશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓએ પર્યાવરણ, સંચાર માધ્યમો, સહકાર અને શિક્ષણ જેવા વિષય પર પ્રેઝન્ટેશન આપેલું હતું.

ટી.વાય.બી.એ સેમેસ્ટર પાંચમાં અભ્યાસ કરતા હોથી સેઝાદએ સમાજશાસ્ત્ર વિષય વિશે એફ.વાય ના વિદ્યાર્થીઓને માર્ગદર્શક કર્યા હતા. સેલોટ આર્મી વિદ્યાર્થીનીએ સેમિનાર ભાગ લેતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કર્યું હતું. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ કૌશલ્ય વિકાસ , બોડી લેંગ્વેજ, વ્યક્તિત્વ નિખારવું અને સ્ટેજ પર પર્ફોર્મન્સ કરતા શીખે તેવા ઉમદા હેતુ થી આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.

# દ્વારકાધીશને નવસારી જીલ્લાના આછવણી- પ્રગટેશ્વર શિવ પરિવારે ચાંદીની બાજઠ ભેટ ધરી

## ધર્માચાર્ય પરભુદાદાના સાનિધ્યમાં શિવ પરિવારે કરી ડાકોર, દ્વારકા, સોમનાથ અને વીરપુર ધામની તીર્થયાત્રા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૭

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના આછવણી મંદિર ફળિયામાં આવેલા પ્રગટ પ્રગટેશ્વર મહાદેવ મંદિરના શિવ પરિવારે પવિત્ર ભાદ્ર માસમાં ધર્માચાર્ય પરભુદાદા અને રમાબાના પરમ સાનિધ્યમાં ડાકોર, દ્વારકા, સોમનાથ અને વીરપુર ધામની તીર્થયાત્રા કરી હતી. આ તીર્થયાત્રામાં ખેરગામના કથાકાર ભાસ્કરભાઈ દવે અને વલસાડના કથાકાર અજયભાઈ જાની પણ જોડાયા હતા. શિવ પરિવાર દ્વારા દ્વારકાધીશને દોઢ લાખ જેટલા મૂલ્યની ચાંદીની બાજઠ અર્પણ કરવામાં આવી હતી.

શ્રી દ્વારકાધીશજીના ચરણે બાજઠ અર્પણ કરવા પહેલાં પ્રગટેશ્વર ધામ આછવણી ખાતે કશ્યપભાઈ જાની અને ચિંતનભાઈ જોષી દ્વારા જ્યારે દ્વારકા ખાતે ભૂદેવ સહદેવભાઈ અને તેમના સહયોગી કિશોરભાઈ ઠાકોર, જીતેશ ઠાકોર, વિષ્ણુ ઠાકોર દ્વારા તેની વિધિવિધાન પૂર્ણ પૂજા કરવામાં આવી હતી. દ્વારકાના ભુદેવ સહદેવભાઈએ જણાવ્યું હતું કે, બાજઠ અર્પણ કરવામાં આવ્યો છે જે તા.૧૫મીએ વામન જયંતિ નિમિત્તે જે પ્રસાદ ચઢાવવામાં આવશે તે આ બાજઠ ઉપર મૂકીને ભોગ ધરવામાં આવશે. પૂજા બાદ બાજઠ લઈને યાત્રિક નિવાસથી ભગવાન શ્રી દ્વારકાધીશના મંદિર સુધી ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી આ શોભાયાત્રામાં અનેક ભાવિક ભક્તો ખૂબ જ ઉત્સાહપૂર્વક જોડાયા હતા અને બાજઠને માથે મૂકવાનો લાભ લીધો હતો. આ તીર્થયાત્રા દરમ્યાન ડાકોર રણછોડરાય ધામમાં ભુદેવ મયુરભાઈ ભટ્ટ અને દેવભૂમિ દ્વારકા ખાતે ભુદેવ પ્રણવ ભટ્ટના હસ્તે ભગવાન સત્યનારાયણની કથા કરવામાં આવી હતી. દ્વારકા તીર્થમાં પહોંચી શિવ પરિવારે સૌપ્રથમ પવિત્ર ગોમતી નદીમાં સ્નાન કરી ભગવાન દ્વારકાધીશના દર્શન કર્યા હતા. પ્રગટેશ્વર શિવ પરિવાર મહિલા મંડળ દ્વારા દ્વારકાધીશ મંદિર મુખ્ય દ્વાર, ૫૬ સીડી, શામળશા મંદિર તેમજ ગોમતી ઘાટ ઉપર વહેલી સવારે બ્રહ્મ મુહૂર્તમાં દિવા પ્રજવલિત કરી ભગવાન શ્રીકૃષ્ણના





આશીર્વાદ મેળવ્યા હતા. દ્વારકાના યાંત્રિક નિવાસ ખાતે બ્રહ્મભોજન કરાવી વસ્ત્ર દાન તેમજ દક્ષિણા અને ભિક્ષુકોને ભોજન કરાવી છત્રી દાન કરી હતી. દેવભૂમિ દ્વારકા ખાતે આયોજિત ભગવાનશ્રી સત્યનારાયણની કથા બાદ શિવ પરિવારના વિનોદમામા તેમજ ઈલાબેન પરમારે સુંદર ભજન રજૂ કર્યા હતા, જેમાં શિવ ભક્તો મન મુકીને નાચ્યા હતા. દમણના અપ્પુભાઈ, પ્રકૃતિબેન અને તેમના સંતાનો પ્રથમ તેમજ એન્જલ દ્વારા ભગવાન દ્વારકાધીશને બાજઠ ચઢાવી તેના અનુરૂપ સુંદર નાટક રજૂ કર્યું હતું જેને સૌએ મન મૂકીને માણ્યું હતું અને તેમની સાથે ફોટોસેશન કરી ભાગવાન શ્રીકૃષ્ણ સાથે હોય તેવી અનુભૂતિ કરી હતી.

ધર્માચાર્ય પરભુદાદાએ પૃથ્વીના દેવતા બ્રાહ્મણ અને તીર્થસ્થળને વંદન કરતા જણાવ્યું હતું કે, ડાકોર એ હીરામોતી પાકે તેવી જગ્યા છે, પણ અહીં તમે કેવું લણો તે મહત્વનું છે. તમારા ઉપર પૂર્વજોની અસીમ કૃપા હશે તો જ તમને દ્વારકાધીશનું તેડું આવ્યું છે. દ્વારકાધીશને ચાંદીની બાજઠ ચઢાવવા, બ્રાહ્મણોને વસ્તુદાન આપવા માટે સહયોગ આપનારા શિવભક્તોને અભિનંદન પાઠવ્યા હતા અને ભગવાન તેમની મનોકામના પૂર્ણ કરશે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. ચાંદી સોનું વિશેષ ધાતુ છે જે કદી અપવિત્ર થતી નથી, જેથી આપણા શિવ પરિવારે ચાંદીની બાજઠ દ્વારકાધીશને અર્પણ કરી છે. ડાકોરમાં રણછોડરાય ભગવાન બિરાજે છે, જેની સાચા મનથી અરજ કરીએ તો તે આપણી મનોકામના અવશ્ય પુરી કરે છે. ભારત દેશ સ્વર્ગની ભૂમિ છે જેમાં અનેક તીર્થો આવેલા છે, જે પૈકી મોક્ષ નગરી દ્વારકા જીવંત તીર્થ છે, અહીં દ્વારકાધીશની પૂજા અર્ચન કરવાની સાથે ઉપરાંત દાન દક્ષિણા કરવી જોઈએ. દ્વારકા ખાતે સત્સંગમાં તેમણે જણાવ્યું હતું કે, ભગવાનની નજીક જવું હોય તો બ્રાહ્મણને ખુશ રાખવા જોઈએ તેમનએ યોગ્ય દાન કરવું જોઈએ. કર્મકાંડ કરવાનો અધિકાર ફક્ત બ્રાહ્મણને જ છે, કેમ કે બ્રાહ્મણની વાત ભગવાન પણ સ્વીકારે છે. જે કામ કરવાનો જેને અધિકાર છે તેની પાસે કરાવેલું કાર્ય જ સફળ થાય છે. કર્મ વગર ફળ મળતું નથી, અને આપણે બધા ભેગા મળી સારા વિચારો- સારા કર્મો કરીએ તો તેનો સરવાળો થાય અને સૌનું સારૂ થાય છે. કથાકાર ભાસ્કરભાઈ દવેએ જણાવ્યું હતું કે, બીજાનું દુઃખ જોઈને આંખોમાં આંસુ આવે તે જ સાચા આંસુ બાકી બધું તો દેખાડો છે. જેમના ઉપર પ્રગટેશ્વર દાદાની કૃપા થઈ હશે તેઓ જ આ તીર્થયાત્રામાં આવી શક્યા છે. જે યાત્રામાં સંતનો સંગ મળે તે જ સાચી યાત્રા કહેવાય છે, ભાદ્ર માસનું અનેરૂ મહત્ત્વ છે, આ માસ દરમ્યાન પરભુદાદાની પ્રેરણાથી આપણને તીર્થયાત્રા કરવાનો અવસર મળ્યો છે જે આપણું અહોભાગ્ય છે. પ્રસન્નતામાં જ ભગવાનનો વાસ છે. આછવણીમાં જે કોઈ પણ કાર્ય થાય તે અનોખું જ હોય છે કારણ કે અહીં સ્વયં થાય તે જ સત્યના સિદ્ધાંતથી કામ થાય છે. દ્વારકા ખાતે સત્સંગમાં તેમણે જણાવ્યું હતું કે, અન્નદાન એ શ્રેષ્ઠ દાન છે જે દાદા હર હંમેશ કરાવતા રહે છે અને અન્ય પાસે પણ કરાવી પુણ્યના ભાગીદાર બનાવે છે.

પરભુદાદામાં યુવાનને પણ શરમાવે તેવી સ્ફૂર્તિ છે, જે પ્રગટેશ્વર દાદાની કૃપા છે. આવતા દોઢસો વર્ષ પછી ઈતિહાસ લખાશે તો આછવણીમાં પરભુદાદા હતા એ દાન બહુ આપતા અને અનેક સ્થળોએ યજ્ઞો કરાવતા એવું લખાશે. આપણે બધા નસીબ સારા છે કે આપણને પરભુદાદા જેવા સંતનો સાથ મળ્યો છે, જેમની છાયામાં આપણું મૃત્યુ પણ મહોત્સવ બની જાય છે. આવા સંતનો સંગ હશે તો કોઈ ખોટું કરવા માગશે તો દાદા તેને તે કરવા દેશે નહીં, તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું. કથાકાર અજયભાઈ જાનીએ જણાવ્યું હતું કે, પ્રગટેશ્વર દાદાની અસીમ કૃપાથી આપણે આજે તીર્થમાં બેઠા છે, આવી તીર્થયાત્રા સાચા સંત જ કરાવી શકે, સંતનો સંગ એ જ શ્રેષ્ઠ છે. આ દિવ્ય ધામ એવા ડાકોર અને દ્વારકામાં ભગવાન સત્યનારાયણની કથામાં ભાગ લેવાનો અવસર ભાગ્યશાળીને જ મળે છે. જેની સાથે હોય તેવો રંગ ચઢે તે જ સાચી ભક્તિ છે, અહીં સૌને ૐ નમઃ સિવાયનો રંગ ચઢ્યો છે. પ્રગટેશ્વર દાદાના પાટોત્સવ અવસરે તા.૨૪થી ૩૦ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજાનારી કથામાં સૌ શિવ પરિવારને ઉપસ્થિત રહેવા તેમણે સૌને નિમંત્રણ પાઠવ્યું હતું. આ તીર્થયાત્રામાં પ્રગટ પ્રગટેશ્વર મહાદેવ મંદિર સમિતિ પ્રમુખ બીપીનભાઈ પરમાર, મંત્રી હેમંતભાઈ પટેલ, ખજાનચી અમિતભાઈ પટેલ, મહિલા પ્રમુખ સીતાબેન પટેલ, તીર્થ યાત્રા પ્રમુખ વિપુલભાઈ પાંચાલ, આછવણી સરપંચ મનુભાઈ પટેલ, શિવ પરિવારના વિનોદભાઈ પટેલ (મામા), મયંકભાઈ બ્રહ્મભટ્ટ, ભાવેશભાઈ પટેલ, કાંતિભાઈ દમણિયા, નારાયણભાઈ લેખડીયા, પ્રવીણભાઈ મિસ્ત્રી, પ્રવીણભાઈ પટેલ સહિત ગુજરાત-મહારાષ્ટ્ર શિવ પરિવારે જોડાઈને ભક્તિમય વાતાવરણમાં દરેક મંદિરોમાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# ભારતીય સ્ટુડન્ટ્સ માટે કેનેડામાં મુશ્કેલી વધશે!

કેનેડા દર વર્ષે ૫ લાખ આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ્સને બોલાવે છે. આ સ્ટુડન્ટ્સ કેનેડાને દર વર્ષે અબજો રૂપિયાની કમાણી કરી આપે છે. ત્યાંની કોલેજો અને યુનિવર્સીટીઓ આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ્સ પાસેથી ખુબ ઉંચી ફી વસુલે છે. ને બદલામા યુનિવર્સીટી કે સરકાર આ સ્ટુડન્ટ્સને કોઈ સવલતો આપતી ન હોવાની ફરિયાદની સંખ્યા વધતી જાય છે. તેવા આ આકરા સમયમાં કેનેડામાં આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ્સની મુશ્કેલીઓમાં વધારો થાય તેવો નવો કાયદો ૧ સપ્ટેમ્બરથી કેનેડાએ લાગુ કર્યો છે. આ કાયદા અનુસાર કેનેડા ભણવા આવતાં સ્ટુડન્ટ્સને અઠવાડિયે ફક્ત ૨૪ કલાક કામ કરવાની છૂટ આપવામાં આવી છે. આથી લાખો ભારતીય સ્ટુડન્ટ્સની તકલીફમાં વધારો થશે. મોંઘવારી, મકાનોના મોંઘા ભાડાં અને કોલેજો/યુનિવર્સીટીઓની ઉંચી ફીને પહોંચી વળવું ખૂબ મુશ્કેલ થશે. ભારતમાં રહેતાં એમના મા-બાપ પર વધુ બોજ વધશે એવી નવી મોટી ચિંતા ઉભી થઈ છે. આ પહેલાં કેનેડાએ સ્ટુડન્ટ્સને મળતી પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પરમીટની મુદત વધારવાની ના પાડી છે. સરકાર સંદેશો આપી રહી છે કે તમે અમારે ત્યાં શિક્ષણ માટે આવ્યા છો તો શિક્ષણ પૂરું થયા બાદ ફરી તમારા દેશ પાછા જાઓ.

કેનેડામાં હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને દેશનિકાલનો સામનો કરવાનો વારો આવ્યો છે. સમગ્ર કેનેડામાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દેશનિકાલની નીતિ સામે વિરોધ પ્રદર્શનનું આયોજન કરી રહ્યા છે. ભારતીય વિદ્યાર્થીઓના એક જૂથે પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડમાં વિધાનસભાની બહાર છાવણીઓ ગોઠવી છે. આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ કહે છે કે તેઓ ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે કારણ કે કાયમી રહેઠાણના નોમિનેશનમાં ૨૫ ટકાના ઘટાડા માટે નવી પ્રાંતીય નીતિઓએ ઘણાને અણધારી રીતે દેશનિકાલ માટે જોખમમાં મૂક્યા છે. ઓન્ટારિયો, મેનિટોબા અને બ્રિટિશ કોલંબિયામાં સમાન દ્રશ્યો જોઈ શકાય છે. સેંકડો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને ઈમિગ્રન્ટ કામદારોએ તાજેતરના મહિનાઓમાં સમગ્ર બ્રેમ્પટનમાં રેલીઓ યોજી છે. ૭૦,૦૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સ્નાતકો કેનેડા સરકારની નીતિના ફેરફારોને કારણે દેશનિકાલનો સામનો કરી શકે છે; જે વિદ્યાર્થીઓ નવા જીવનના સપના સાથે કેનેડામાં આવ્યા છે. બીજી તરફથી એવી પણ માહિતી આવી રહી છે કે, કેનેડામાં અમુક સંસ્થાઓ આ સ્ટુડન્ટ્સને પીઆર અને સિટિઝનશિપ આપવાનો સખત વિરોધ કરે છે. એમનું કહેવું છે કે કેનેડા ગોરાઓનો દેશ છે. પરંતુ હવે મૂળ નિવાસી અલ્પસંખ્યામાં આવી ગયા છે. કેનેડા/ યુકે / ઓસ્ટ્રેલિયા/ ન્યૂઝીલેન્ડ સરકારોએ એક સરખી પોલીસી અમલમાં મૂકી છે, એટલે ભારતીય વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીઓના પહાડ ઊભા થયાં છે.

એ સંજોગોમાં સરકાર પોતાના તરફથી આગળ આવી વિદેશમાં વસતા ભારતીયોની પરિસ્થિતિ વિશે સાચી સ્થિતિ સ્પષ્ટ કરવી જોઈએ. ખાસ કરીને સ્ટુડન્ટ અને વાલીઓની ચિંતા ઓછી કરવી જોઈએ. કેમ કે પાછલાં ૫ વરસમાં નવી આઈઆઈએમ કે આઈઆઈટી ખોલવામાં આવી નથી. દેશમાં કુલ ૧૧૯૪ યુનિવર્સિટી છે, ૩૦૬ યુનિવર્સિટીઓ ૨૦૧૪ પછી બની. તેમાંથી ૧૩૫ યુનિવર્સિટી સરકારી હોય તો ૫૫% ખાનગી યુનિવર્સિટીઓ છે ! દેશમાં કુલ ૪૯,૦૮૩ કોલેજો છે તેમાં ૩૮,૧૨૦ એટલે કે ૭૭% ખાનગી કોલેજો છે. કુલ ૧૪,૯૩૮? છે, તેમાંથી ૧૧,૬૮૫ એટલે કે ૭૮% ખાનગી છે ! ત્યારે ચિંતા એ છે કે, ભારતમાં શિક્ષણ ઓછા ખર્ચે મળતું થાય તો વિદ્યાર્થીઓ બાંગ્લાદેશ, યુક્રેન, કેનેડા વગેરે દેશોમાં જતાં ઓછા થાય એવી નીતિ બનતી નથી. સામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કહે છે કે, દરરોજ, દરેક પળે, દરેક મિનિટે દેશ બદલાઈ રહ્યો છે. ભારતમાં દરરોજ ૨ કોલેજો ખૂલી રહી છે. દર અઠવાડિએ ૧ યુનિવર્સિટી ખૂલી રહી છે. દરરોજ ૩૭ નવા સ્ટાર્ટઅપ શરુ થઈ રહ્યા છે. દરેક સેકન્ડે નળથી જળ કનેક્શન અપાય છે. દરરોજ ૭૫,૦૦૦ લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં આવે છે. આપણે ગરીબી હટાઓના સૂત્રો સાંભળ્યા હતા. કોઈએ વિચાર્યુ ન હતું કે ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર નિકળી જશે ! પણ અમારી સરકારે આ કરી બતાવ્યું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

દેવું, શત્રુ અને વ્યાધીનોજલ્દી નાશ કરવો જોઈએ.

- ચાણક્ય

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.અર્દીબહેસ્ત-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૧૪ અનંત ચતુર્દશી, વ્રતની પૂનમ, પાર્થિવ ગણેશ વિસર્જન, પ્રૌષ્ઠપદી પૂર્ણિમા, પંચક તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૧૩, શત્તતારકા નક્ષત્ર, ધૃતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૩૮, સૂ.અ.૬:૫૨

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), પરોઢે ૫:૪૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ-પડોશીથી સંઘર્ષ ટાળવો.
વૃષભ:વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.
મિથુન:ભાગીદારીથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
કર્ક: નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
સિંહ: મિલન-મુલાકાતમાં સફળતા મળે. કાર્યો સફળ થાય.
કન્યા: માનસિક ચિંતા રહે. નાણાંભીડ અનુભવાય.
તુલા: ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.
વૃશ્ચિક:કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.
ધન: જમીન-મકાનને લગતા કાર્યોમાં સફળતા મળે. ધન ખર્ચ થાય.
મકર: સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ, મન પ્રફુલિત રહે.
કુંભ: પુરૂષાર્થ પછી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
મીન: ભાઈ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજન કરી શકશો.

# સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રાજકોટ દ્વારા વેરાવળની ફક્ત ૧ વર્ષની બાળકીમાં (Critical Pulmonary Stenosis) હૃદયરોગની અતિ જટિલ માઈક્રોસર્જરી સફળતાપૂર્વક કરી નવજીવન આપ્યું

## બાળકોમાં જન્મજાત હૃદયરોગની સારવારમાં નવો સીમાચિહ્ન સ્થાપિત કરતી સ્ટર્લિંગ હોસ્પિટલ્સ



(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ, તા.૧૭

છેલ્લાં પંદર વર્ષથી સૌરાષ્ટ્ર-કચ્છની અગ્રણી હોસ્પિટલ તરીકે પ્રસિદ્ધ સ્ટર્લિંગ હોસ્પિટલ્સે પીડિયાટ્રિક કાર્ડિયોલોજિસ્ટ શાખામાં દર્દીઓને હૃદયરોગની શ્રેષ્ઠ સારવાર આપીને નવું સીમાચિહ્ન સર કર્યું છે. દેશભરમાં બાળકોની હૃદયરોગની સારવારમાં અગ્રગણ્ય અને સ્ટર્લિંગ હોસ્પિટલના ડૉ. નિહાર પાઠકે તાજેતરમાં વેરાવળની ફક્ત ૧ વર્ષની બાળકીનું જન્મજાત બિમારી પેટન્ટ ડકટ્સ આર્ટિરિયોસિસ (PDA)ની સારવાર કરીને નવો બાળકોના હૃદયરોગની સારવારમાં નવો માપદંડ સ્થાપિત કરી દીધો છે.

વેરાવળની ફક્ત એક વર્ષની બાળકીને તાવ અને શરદી (fV)-ઉધરસની વારંવાર તકલીફ થવાથી શહેરનાં બાળકોના ડૉક્ટરે રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલ્સમાં ડૉ. નિહાર પાઠક પાસે મોકલ્યાં હતાં. આ બાળકીની પ્રાથમિક સારવારમાં (ઈકોકાર્ડિયોગ્રાફી)માં તે પેટન્ટ ડકટ્સ આર્ટિરિયોસિસ (PDA)થી પીડિત હોવાનું નિદાન થયુ હતું. આ બીમારી માં બાળક માં બે મુખ્ય ધમની વચ્ચે ની નળી બંધ થતી નથી અને તેના લીધે હૃદય પર ભાર પડે છે અને તેની સારવાર કરવા બાળકી પર જટિલ અને જોખમી ઓપરેશન જનરલ એનેસ્થેશિયા હેઠળ કરવામાં આવી હતી. જેમાં ડૉ. નિહાર પાઠકની સાથે અનુભવી એનેસ્થેટિસ્ટ ડૉ. હેતલ વડેરા તેમજ અનુભવી નિષ્ણાતોની ટીમે સર્જરી કરી હતી. સર્જરીમાં બાળકીનાં ફેંફસા અને મહાધમની વચ્ચેના જોડાણ માટે કોઈ પણ પ્રકારની વાઢકાપ વિના છત્રી (ડિવાઈઝ) મૂકવામાં આવ્યું હતું. સર્જરી પછી ૨૪ કલાકમાં બાળકીને હોસ્પિટલમાં રજા આપવામાં આવી હતી અને ભવિષ્યમાં હૃદય પરનું જોખમ કાયમી ધોરણે દૂર થયું હતું. આ સંપૂર્ણ સારવાર આયુષ્માન ભારત (PMJAY) હેઠળ નિઃશુલ્ક કરવામાં આવી હતી.

એ જ રીતે ગોધરાનાં ૮ વર્ષનાં એક બાળકની ફેંફસાની નળીમાં અવરોધ (Critical Pulmonary Stenosis) હોવાનું નિદાન થયા પછી અતિ જટિલ માઈક્રોસર્જરી (Microsurgery) કરીને BPV (વાલ્વને બલૂન વડે ખોલીને) બાળકીની સારવાર કરીને તેને નવજીવન આપવામાં આવ્યું હતું. ઉપરાંત એક ૧૮ વર્ષના દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થવાથી તેનાં હૃદયમાં બે જન્મજાત છિદ્ર (ASD અને VSD) હોવાનું જણાયું હતું. સામાન્ય રીતે આની સારવાર ઑપન હાર્ટ સર્જરી દ્વારા કરવામાં આવે છે. પરંતુ ડૉ. નિહાર પાઠક અને તેમની કુશળ ICU ટીમના સાથસહકારથી બંને છીદ્રો માઈક્રોસર્જરી (Microsurgery) કરીને દ્વીદૃષ્ઠી સાથે સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યાં હતાં. આ દર્દીને પણ ૨૪ કલાકમાં રજા આપવામાં આવી હતી અને તેની સારવાર પણ આયુષ્માન ભારત (PMJAY) હેઠળ નિઃશુલ્ક કરવામાં આવી હતી.

સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રાજકોટમાં પીડિયાટ્રિક કાર્ડિયોલોજી વિભાગ ડૉ. નિહાર પાઠકના નેતૃત્વમાં શરૂ થયા પછી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં જન્મજાત હૃદયરોગ કે હૃદયમાં ખામી ધરાવતા બાળકોની સારવાર કરવામાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે. આ હોસ્પિટલમાં બે અત્યાધુનિક કાર્ડિયાક કેથેરટાઈઝેશન લેબ (SIEMENS & PHILIPS) તેમજ અદ્યતન ઑપરેશન થિયેટરો અને કુશળ કાર્ડિયાલોજિસ્ટોની ટીમ છે. ડૉ. નિહાર પાઠક સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ અને એકમાત્ર લાયકાત ધરાવતા પીડિયાટ્રિક, ફીટલ અને સ્ટ્રક્ચરલ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ છે.

આ તમામ ઉપલબ્ધિઓ વિશે સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રાજકોટના ઝોનલ ડાયરેક્ટર રાજ કડેચાએ કહ્યું હતું કે, ‘‘સ્ટર્લિંગ હોસ્પિટલ્સ, રાજકોટ છેલ્લાં દોઢ દાયકાથી સૌરાષ્ટ્ર-કચ્છમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સારવાર પૂરી પાડે છે. તેમાં બાળદર્દીઓમાં જન્મજાત હૃદયરોગની સારવાર માટે વિવિધ પ્રક્રિયાઓ, જેમ કે હૃદયમાં જન્મજાત છીદ્ર (VSD/ASD), હૃદયના વાલ્વની જન્મજાત બિમારીઓ (Pulmonary Stenosis/Aortic Stenosis), હૃદયની મુખ્ય ધમનીમાં અવરોધ (Coarctation of Aorta)ની બલૂન વડે અદ્યતન સારવાર તેમજ પુખ્ત વયના દર્દીઓમાં હૃદયરોગની તકલીફ માટે ડબલ ચેમ્બર પેસમેકર, AICD, કેરોટિડ, એન્જિયોપ્લાસ્ટી, પેરિફરલ એન્જિયોપ્લાસ્ટી, ડિવાઈઝ ક્લોઝર્સ, બલૂન વાલ્વુલોપ્લાસ્ટી જેવી જટિલ સારવાર સફળતાપૂર્વક કરવામાં આવી છે.’’

સ્ટર્લિંગ ગ્રૂપ ઓફ હોસ્પિટલ્સ ગુજરાતમાં તૃતીય સંભાળ પૂરી પાડતી અગ્રણી કંપની છે. ના બે દાયકા સાથે અનુભવ સાથે, કોર્પોરેટ હોસ્પિટલ ચેઈન રાજ્યમાં સૌથી મોટી બની ગઈ છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ગાંધીધામમાં આવેલી ચાર હોસ્પિટલો અને કેન્સર કેન્દ્રો તેઓ સર્જિકલ ઓન્કોલોજી, મેડિકલ ઓક્રોલોજી, સહિતની વિશિષ્ટ સેવાઓની વિશાળ શ્રેણી ઓફર કરે છે. રેડિયેશન ઓક્રોલોજી, કાર્ડિયાક સાયન્સ, ક્રિટિકલ કેર, પલ્મોનોલોજી, ગેસ્ટ્રોએન્ટેરોલોજી અને જી.આઈ. સર્જરી, ન્યુરોસાયન્સ અને સ્પાઈન સર્જરી. હોસ્પિટલ રાઉન્ડ-ધ-ક્લોકથી સજ્જ છે કટોકટી અને અકસ્માત સેવાઓ, ૨ કેથ લેબ અને ૭ અત્યાધુનિક ઓપરેટિંગ થિયેટરો. આ હોસ્પિટલ વિવિધ વીમા કંપનીઓ, TPA, કોર્પોરેટ અને સરકાર સાથે જોડાણ ધરાવે છે. કેશલેસ હોસ્પિટલમાં દાખલ કરવાની યોજનાઓ. સ્ટર્લિંગ હોસ્પિટલ્સે પણ તાજેતરમાં એ રોબોટિક ઘૂંટણ બદલવાનો કાર્યક્રમ, તેને આ ઓફર કરનાર પ્રદેશની પ્રથમ હોસ્પિટલોમાંની એક બનાવે છે. અદ્યતન સર્જિકલ વિકલ્પ. સમગ્ર ગુજરાતમાં, સ્ટર્લિંગ હોસ્પિટલો ટોચના લોકો માટે દીવાદાંડી બની છે. સ્તરની તબીબી સંભાળ. સ્ટર્લિંગ હોસ્પિટલોએ માત્ર દ્રષ્ટિએ જ નહીં, નોંધપાત્ર વિસ્તરણનો અનુભવ કર્યો છે. તેની ભૌગોલિક પહોંચ પણ તેના અપવાદરૂપે સ્થાપિત વિશ્વાસ અને સદભાવનાની દ્રષ્ટિએ દર્દીઓની સંભાળ કરે છે.

# શ્રી દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા વામન દ્વાદશી એટલે કે વિજય દિવસની કરવામાં આવી ભવ્ય ઉજવણી









(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૭

૧૯૬૫ ની સાલમાં દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરને મુખ્ય ટાર્ગેટ બનાવી પાકિસ્તાની સબમરીનો દ્વારા સમુદ્રી આક્રમણ વખતે ૧૫૬ જેટલા બોમ્બ તાકવામાં આવ્યા હતા પરંતુ દ્વારકાધીશ જગત મંદિર સહિત સમગ્ર દ્વારકાપંથકનો ચમત્કારિક બચાવ થયો હતો.એક પણ બોમ્બ દ્વારકા સીમાક્ષેત્રમાં પડ્યો નહીં ભગવાન દ્વારકાધીશ દ્વારા સૌ કોઈનું રક્ષણ થયું તેથી ૧૯૬૫ થી આજ સુધી છેલ્લા લગભગ ૫૯ વર્ષોથી વામન દ્વાદશીના દિવસે દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારા વિજય દિવસની ઉજવણી કરી જગત મંદિર પર ધ્વજા આરોહણ કરવામાં આવે છે.જ્ઞાતિના પ્રતિનિધિ રૂપે શિક્ષણ મંત્રી અજીતભાઈ પાઢ તેમજ તેમના ધર્મપત્ની મીનાબેન અજીતભાઈ પાઢ દ્વારા આજરોજ શ્રી શારદાપીઠમાં વિજય ધ્વજ એટલે કે જગત મંદિર પર આરોહણ થતી ૫૨ ગજની ધજાજીનું પૂજન કરવામાં આવ્યું. બપોરે ૧૨:૦૦ વાગ્યાના સમયે ઠાકોરજીના વામન સ્વરૂપ મહા આરતી પ્રસંગે મંદિર શિખર પર ધ્વજાજીનું આરોહણ કરવામાં આવ્યું.આ પ્રસંગે જ્ઞાતિ વર્તમાન કાર્યકારી પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય,મંત્રી કપિલભાઈ વાયડા, સહમંત્રી ચેતનભાઈ પુજારી, કારોબારી સદસ્યો,મધ્યસ્થ સભા સદસ્યો,સલાહકાર સમિતિ સદસ્યો, મહિલા મંડળ સદસ્યો,સામાજિક કાર્યકરો વિશેષ ઉપસ્થિત રહ્યા.અત્રે એ ઉલ્લેખનીય છે કે ભગવાન દ્વારકાધીશ પર આસ્થા,શ્રદ્ધા અને વિશ્વાસને લીધે અનેક કુદરતી અને કૃત્રિમ આફતો દ્વારકા પર આવતા ટળી છે.

# દ્વારકામાં અગલે બરસ તું જલ્દી આના નાદ સાથે ગણેજીની પ્રતિમાનું ગોમતી નદિમાં વિસર્જન





## યાત્રાધામ દ્વારકામાં પાંચ, સાત દિવસ સુધી ગણેજીને વિવિધ જાતના શણગાર કરી છપ્પભોગ કુંડલાભોગ ધરાવી ભક્તોએ લાડ લડાવ્યા

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૭

યાત્રાધામ દ્વારકામાં આ વર્ષ ગણેશ ચતુરથીજ વિવિધ એરીયાઓમાં પંડાલોમાં તેમજ ઘેર ઘેર ગણેજીની પ્રતિમાની લોકોએ સ્થાપના કરી હતી. દરરોજ ગણેશજીને અલૌકિક શણગાર કરી વિવિધ ધાર્મિક વિધીથી પાઠ પુંજા મહાઆરતી તેમજ છપ્પનભોગ, રાજભોગ, અક્રુટ, મનોરથ જેવા વિવિધ જાતના ભોગ ધરાવી ગણેજીને પાંચ, સાત, દિવસ સુધી લાડ લડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ ગઈ સાંજે શહેરના રાજ્યો માર્ગ પરથી ડીજે સાથે ધાર્મિક ગીતોથી દ્વારકાની પવિત્ર ગોમતી નદિ ઘાટે પહોચી પરંપરાગત પુજન વિધી કરી ગણેજીની પ્રતિમાનું "અગલે બરસ તું જલ્દી આના" ગણપતી બાપા મોર્યાના નાદ સાથે વિસર્જન કર્યું હતું. સાથે અનિર્છીય બનાવવો ન બને તે માટે દ્વારકા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રહ્યો હતો.

# દ્વારકામાં ગોમતી ઘાટ કા રાજા ગણેશજીને ચલણી નોટોનો વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજાયો



(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૧૭

હાલમાં ચાલી રહેલ ગણેશોત્સવ દરમ્યાન આજરોજ દ્વારકામાં ગોમતી ઘાટ કા રાજા ગણેશ પંડાલમાં આજે આઠમાં દિવસે વિઘ્નહર્તા દેવને લાખો રૂપિયાની ચલણી નોટો સાથેનો વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યો હતો. આ દિવ્ય દર્શનનો બહોળી સંખ્યમાં ભાવિકોએ લાભ લીધો હતો. ગોમતી ઘાટના રાજાને સ્થાનીય યુવા કાર્યકરો દ્વારા દરરોજ વિશેષ શણગારોની ઝાંખી યોજવામાં આવે છે.

# ભાટિયામાં સંસ્કાર ગર્લ્સ હોસ્ટેલ દ્વારા ગણપતિ વિસર્જન થયું




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૭ દીકરીઓમાં બાળપણથી જ આધ્યાત્મિક મુલ્યોનો વિકાસ થાય, સંસ્કારોનું સિંચન થાય અને સર્વાંગી કેળવણી મળે એ ધ્યેયને સાબિત કરતી સંસ્થા એટલે ભાટીયા ગામે આવેલી સંસ્કાર ગર્લ્સ હોસ્ટેલ.

આ હોસ્ટેલમાં શિક્ષણની સાથે સાથે દીકરીઓ તમામ ક્ષેત્રે આગળ વધે. જીવનના વધારેમાં વધારે અનુભવો મળે તથા વિદ્યાર્થી અવસ્થામાં પોતાનો સ્વ વિકાસ કરી શકે એવા ધ્યેયો સાથે આ હોસ્ટેલ ચલાવવામાં આવે છે. જેના ભાગ રૂપે ગણેશ ચતુર્થીના દિવસે ગણેશ સ્થાપના કરવામાં આવી હતી.

નવ દિવસ હોસ્ટેલમાં સવાર-સાંજ પૂજા-આરતી કરવામાં આવી હતી.

બાદમાં વિધિવત દીકરીઓ દ્વારા શોભાયાત્રા કાઢીને ભાટીયા ગામના કેશરીયા તળાવમાં વિઘ્નહર્તા દેવ ગણપતિજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્કાર ગર્લ્સ હોસ્ટેલના સંચાલક જેતીબેન ચાવડા દ્વારા સૌ દીકરીઓને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# પ્રાચી તીર્થ ખાતે રામદેવજીની ધ્વજારોહણ, શોભાયાત્રા યોજાઈ



(પ્રતિનિધી દ્વારા)

પ્રાંચી તીર્થ તા.૧૭

સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે આવેલ રામાપીર મંદિરે આજે ભાદરવી અગિયારસ નિમિત્તો રામદેવપીર બાપાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સૌપ્રથમ મંદિર ખાતે પૂજા અર્ચના કરવામાં આવેલ હતી ત્યારબાદ ડીજેના તાલે વિશાળ શોભાયાત્રા નીકળી હતી આ શોભાયાત્રા શહેર ના મુખ્ય માર્ગો પર પસાર થઈ રામદેવપીર મંદિર ખાતે પૂર્ણ થયેલ ત્યારબાદ મંદિરે ધ્વજારોહણ કરવામાં આવેલ હતી અને બાળકો ને બટુક ભોજન કરવામાં આવ્યું હતું.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ, ગુજરાતમાં રૂા.૮,૦૦૦ કરોડથી વધુના બહુવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા

## અમદાવાદ અને ભુજ વચ્ચે નમો ભારત રેપિડ રેલનું ઉદ્ઘાટન કર્યું : અનેક વંદે ભારત ટ્રેનોને ફ્લેગ ઓફ : પીએમ આવાસ યોજના - ગ્રામીણ હેઠળ ૩૦,૦૦૦થી વધુ મકાનોને મંજૂરી : ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસ સેન્ટર્સ ઓથોરિટીની સિંગલ વિન્ડો આઈટી સિસ્ટમ(SWITS) લોન્ચ કરી












(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતનાં અમદાવાદમાં રૂા.૮,૦૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં રેલવે, માર્ગ, વીજળી, હાઉસિંગ અને ફાઈનાન્સ સેક્ટરનાં વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. દિવસની શરૂઆતમાં મોદીએ અમદાવાદ અને ભુજ વચ્ચે ભારતની પ્રથમ નમો ભારત રેપિડ રેલનું ઉદઘાટન કર્યું હતું. તેમણે નાગપુરથી સિકંદરાબાદ, કોલ્હાપુરથી પૂણે, આગ્રા કેન્ટથી બનારસ, દુર્ગથી વિશાખાપટ્ટનમ, પૂણેથી હુબલી અને વારાણસીથી દિલ્હી સુધીની પ્રથમ ૨૦ કોચની વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. ઉપરાંત તેમણે ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટીની સિંગલ વિન્ડો આઈટી સિસ્ટમ (એસડબલ્યુઆઈટીએસ)નો પણ શુભારંભ કરાવ્યો હતો. જનમેદનીને સંબોધતા પ્રધાનમંત્રીએ ગણપતિ મહોત્સવ અને મિલાદ-ઉન-નબીના શુભ પ્રસંગો તથા સમગ્ર દેશમાં ઉજવાતા વિવિધ તહેવારોની નોંધ લીધી હતી. મોદીએ જણાવ્યું હતું કે, તહેવારોનાં આ સમય દરમિયાન ભારતનાં વિકાસપર્વનું પણ આયોજન ચાલી રહ્યું છે, જેમાં રેલવે, રોડ અને મેટ્રો ક્ષેત્રનાં આશરે રૂા.૮,૫૦૦ કરોડનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યું છે. નમો ભારત રેપિડ રેલના ઉદઘાટનને ગુજરાતના સન્માનમાં જડિત એક નવો સિતારો ગણાવતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ ટ્રેન ભારતની શહેરી કનેક્ટિવિટીમાં એક નવી સીમાચિહ્નરૂપ સાબિત થશે. મોદીએ નોંધ્યું હતું કે, અત્યારે હજારો પરિવારો તેમનાં નવા ઘરમાં પ્રવેશ કરી રહ્યાં છે, ત્યારે અન્ય હજારો પરિવારો માટે પ્રથમ હપ્તો પણ રિલીઝ કરવામાં આવ્યો છે. તેમણે વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, આ પરિવારો આગામી તહેવારોનો સમયગાળો નવરાત્રિ, દશેરા, દુર્ગાપૂજા, ધનતેરસ, દિવાળી તેમના નવા ઘરોમાં પણ આ જ ઉત્સાહ સાથે વિતાવશે. પીએમ મોદીએ કહ્યું કે, "હું તમને શુભ ગૃહ પ્રવેશની શુભેચ્છા પાઠવું છું." તેમણે ગુજરાત અને ભારતની જનતાને આજની વિકાસ પરિયોજનાઓ માટે અભિનંદન પાઠવ્યા હતા, ખાસ કરીને મહિલાઓ કે જેઓ હવે ઘરમાલિક બની ગઈ છે. પ્રધાનમંત્રીએ દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે, તહેવારોનાં ઉત્સાહ વચ્ચે ગુજરાતનાં વિવિધ વિસ્તારોમાં સતત પૂર આવ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના ખૂણેખૂણામાં ટૂંકા ગાળામાં આવો અવિરત વરસાદ પ્રથમ વખત થયો હતો. તેમણે પૂરને કારણે પોતાનો જીવ ગુમાવનારા નાગરિકોના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે ખાતરી આપી હતી કે, કેન્દ્ર અને રાજ્ય સરકારો અસરગ્રસ્તોને ટેકો અને પુનર્વસન સુનિશ્ચિત કરવામાં કોઈ કસર છોડશે નહીં. તેમણે ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની કામના પણ કરી હતી. પીએમ મોદીએ જણાવ્યું હતું કે, "ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી આ મારી પ્રથમ ગુજરાત મુલાકાત છે." પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ગુજરાત તેમનું જન્મસ્થળ છે જ્યાં તેમણે જીવનના તમામ પાઠ શીખ્યા હતા. તેમણે કહ્યું કે ગુજરાતની જનતાએ તેમના પર પ્રેમ વરસાવ્યો છે અને આ લાગણી એક પુત્ર જેવી જ છે જે ઘરે પરત ફરે છે માત્ર નવી ઉર્જા અને ઉત્સાહથી નવજીવન પામે છે. તેમણે જણાવ્યું હતું કે આ તેમનું સૌભાગ્ય છે કે લોકો તેમને આશીર્વાદ આપવા માટે આટલી મોટી સંખ્યામાં બહાર આવ્યા છે. પ્રધાનમંત્રીએ ગુજરાતની જનતાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેમણે ઈચ્છા વ્યક્ત કરી હતી કે તેઓ ત્રીજી વખત શપથ લીધા પછી શક્ય તેટલી વહેલી તકે રાજ્યની મુલાકાત લે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આ સ્વાભાવિક છે, કારણ કે ભારતની જનતાએ એક જ સરકારને ૬૦ વર્ષ પછી વિક્રમી ત્રીજી વખત સેવા કરવાની તક આપીને ઈતિહાસ રચ્યો છે." તેમણે નોંધ્યું હતું કે, આ ભારતની લોકશાહીમાં મહત્ત્વપૂર્ણ ઘટના છે. તેમણે ઉમેર્યું હતું કે, "આ ગુજરાતની એ જ જનતા છે, જેમણે દેશને પ્રથમ કરવાનો સંકલ્પ લઈને મને દિલ્હી મોકલ્યો છે." લોકસભાની ચૂંટણી દરમિયાન ભારતનાં લોકોને સરકારનાં પ્રથમ ૧૦૦ દિવસમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવાની ખાતરીને યાદ કરીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, તેમણે ભારત હોય કે વિદેશમાં કોઈ કસર બાકી રાખી નથી. તેમણે કહ્યું કે તેમણે પ્રથમ ૧૦૦ દિવસ નીતિઓ ઘડવા અને જાહેર કલ્યાણ અને રાષ્ટ્રીય હિત માટે નિર્ણયો લેવા માટે સમર્પિત કર્યા. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૦૦ દિવસમાં રૂા. ૧૫ લાખ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ પ્રોજેક્ટ પર કામગીરી શરૂ કરવામાં આવી છે. ચૂંટણી દરમિયાન દેશને ૩ કરોડ નવા મકાનોનું નિર્માણ કરવાનું વચન આપવામાં આવ્યું હતું એ વાતનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ દિશામાં કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. પ્રધાનમંત્રીએ એ બાબતે ખુશી વ્યક્ત કરી હતી કે, આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ગુજરાતનાં હજારો પરિવારોને તેમનાં પાકાં મકાનો મળ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે, ઝારખંડમાં પણ હજારો પરિવારો પાકા મકાનોનાં લાભાર્થી છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, તેમની સરકાર ગામડાંઓમાં હોય કે શહેર હોય, તમામને શ્રેષ્ઠ વાતાવરણ પ્રદાન કરવા સતત કાર્યરત છે. તેમણે ઉમેર્યું હતું કે, સરકાર હજારો કરોડ રૂપિયાનો ખર્ચ કરી રહી છે, પછી તે શહેરી મધ્યમ વર્ગનાં ઘરો માટે નાણાકીય મદદ માટે હોય, કામદારોને વાજબી ભાડા પર સારાં મકાનો પ્રદાન કરવાની ઝુંબેશ હોય, કે પછી ફેક્ટરીઓમાં કામ કરતા લોકો માટે વિશેષ આવાસોનું નિર્માણ કરવાની વાત હોય કે પછી દેશમાં શ્રમજીવી મહિલાઓ માટે નવી છાત્રાલયોનું નિર્માણ કરવાની વાત હોય. થોડાં દિવસો અગાઉ ગરીબો અને મધ્યમ વર્ગનાં સ્વાસ્થ્ય સાથે સંબંધિત લેવાયેલાં મોટાં નિર્ણયોને યાદ કરીને પ્રધાનમંત્રીએ ૭૦ વર્ષથી વધારે ઉંમરનાં તમામ વયોવૃદ્ધ લોકોને રૂા. ૫ લાખનાં મૂલ્યની નિઃશુલ્ક સારવાર પ્રદાન કરવાનાં પોતાનાં વચનોની યાદ અપાવી હતી. તેમણે કહ્યું કે મધ્યમ વર્ગના દીકરા-દીકરીઓને પોતાના માતા-પિતાની સારવારની ચિંતા કરવાની જરૂર નહીં રહે. છેલ્લા ૧૦૦ દિવસમાં યુવાનોની રોજગારી અને સ્વરોજગાર તેમજ તેમના કૌશલ્ય વિકાસ માટે લેવામાં આવેલા મહત્વપૂર્ણ નિર્ણયો તરફ ધ્યાન દોરતા પ્રધાનમંત્રીએ રૂ. ૨ લાખ કરોડના વિશેષ પીએમ પેકેજની જાહેરાતનો ઉલ્લેખ કર્યો હતો, જેનાથી ૪ કરોડથી વધુ યુવાનોને લાભ થશે. તેમણે જણાવ્યું હતું કે, જો તેઓ યુવાનોને નોકરી પર રાખશે તો સરકાર કંપનીઓમાં પ્રથમ નોકરી માટે પ્રથમ પગાર પણ ચૂકવશે. તેમણે મુદ્રા લોનની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવાનો પણ ઉલ્લેખ કર્યો હતો. મહિલા સશક્તિકરણની પહેલોનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ ૩ કરોડ લખપતિ દીદી બનાવવાની ખાતરીને યાદ કરી હતી. તેમણે સંતોષ સાથે માહિતી આપી હતી કે, છેલ્લાં થોડાં વર્ષોમાં તેમની સંખ્યા ૧ કરોડ સુધી પહોંચી છે, જ્યારે સરકારનાં પ્રથમ ૧૦૦ દિવસમાં દેશમાં ૧૧ લાખ નવી લખપતિ દીદીઓનું નિર્માણ થયું છે. તેમણે તેલીબિયાંના ખેડૂતોના હિતમાં સરકાર દ્વારા તાજેતરમાં લેવાયેલા નિર્ણયોનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેથી તેમને વધેલી એમએસપી કરતા વધારે કિંમત મળે. તેમણે માહિતી આપી હતી કે સોયાબીન અને સૂર્યમુખી જેવા પાક ઉગાડતા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અને ખાદ્યતેલના ઉત્પાદનમાં 'આત્મનિર્ભર' બનવાની ગતિ આપવા માટે વિદેશી તેલની આયાત પરની ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, સરકારે બાસમતી ચોખા અને ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવી લીધો છે, જેના કારણે વિદેશમાં ભારતીય ચોખા અને ડુંગળીની માંગમાં વધારો થયો છે. મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૦૦ દિવસમાં રેલવે, માર્ગ, બંદર, એરપોર્ટ અને મેટ્રો સાથે સંબંધિત ડઝનબંધ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, આજના કાર્યક્રમમાં પણ તેની ઝલક જોવા મળી હતી. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આજે ગુજરાતમાં કનેક્ટિવિટી સાથે સંબંધિત ઘણી યોજનાઓનો શિલાન્યાસ થયો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ કાર્યક્રમ પૂર્વે તેમણે ગિફ્ટ સિટી સ્ટેશન સુધી મેટ્રોની મુસાફરી કરી હતી. તેમણે નોંધ્યું હતું કે, ઘણાં લોકોએ મેટ્રોની સવારી દરમિયાન પોતાનાં અનુભવો વહેંચ્યાં હતાં અને દરેક જણ અમદાવાદ મેટ્રોનાં વિસ્તરણથી ખુશ છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, છેલ્લા ૧૦૦ દિવસની અંદર દેશના ઘણા શહેરોમાં મેટ્રોના વિસ્તરણ સાથે સંબંધિત નિર્ણયો લેવામાં આવ્યા છે. આજે ગુજરાત માટે આ દિવસ વિશેષ હોવાનો ઉલ્લેખ કરીને મોદીએ જણાવ્યું હતું કે, નમો ભારત રેપિડ રેલે અમદાવાદ અને ભુજ વચ્ચે તેની કામગીરી શરૂ કરી દીધી છે. તેમણે ઉમેર્યું હતું કે, નમો ભારત રેપિડ રેલ મધ્યમ વર્ગનાં પરિવારો માટે ખૂબ જ સુવિધાજનક બની રહેશે, જેઓ દરરોજ દેશનાં એક શહેરથી બીજા શહેરની મુસાફરી કરે છે તથા રોજગારી, વ્યવસાય અને શિક્ષણ સાથે સંકળાયેલા લોકોને મોટો લાભ થશે. શ્રી મોદીએ આશા વ્યક્ત કરી હતી કે, આગામી દિવસોમાં નમો ભારત રેપિડ રેલ દેશનાં ઘણાં શહેરોને જોડીને અનેક લોકોને લાભાન્વિત કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "આ ૧૦૦ દિવસોમાં વંદે ભારત નેટવર્કનું વિસ્તરણ અભૂતપૂર્વ છે." તેમણે ૧૫થી વધારે નવા વંદે ભારત ટ્રેન માર્ગો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે, આજે ઝારખંડ અને નાગપુર-સિકંદરાબાદ, કોલ્હાપુર-પૂણે, આગ્રા કેન્ટ-બનારસ, દુર્ગ-વિશાખાપટ્ટનમ, પૂણે-હુબલી વંદે ભારતને લીલી ઝંડી આપવામાં આવી છે. તેમણે દિલ્હી - વારાણસી વંદે ભારત ટ્રેન વિશે પણ વાત કરી હતી, જેમાં હવે ૨૦ કોચ છે. તેમણે માહિતી આપી હતી કે, દેશમાં ૧૨૫થી વધારે વંદે ભારત ટ્રેનો દરરોજ હજારો લોકોને વધુ સારી મુસાફરી કરવા સક્ષમ બનાવી રહી છે. ગુજરાતનાં લોકો સમયનું મૂલ્ય સમજે છે એ બાબત પર પ્રકાશ પાડતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, હાલનો સમયગાળો ભારતનો સુવર્ણકાળ કે અમૃત કાળ છે. તેમણે આગામી ૨૫ વર્ષમાં ભારતને વિકસિત કરવા માટે લોકોને પ્રોત્સાહિત કર્યા હતા અને તેમાં ગુજરાતની ખૂબ મોટી ભૂમિકા હતી. શ્રી મોદીએ એ બાબત પર ખુશી વ્યક્ત કરી હતી કે, ગુજરાત અત્યારે ઉત્પાદનનું બહુ મોટું કેન્દ્ર બની રહ્યું છે અને ભારતનાં સૌથી વધુ સારી રીતે જોડાયેલાં રાજ્યોમાંનું એક છે. આશા વ્યક્ત કરતા શ્રી મોદીએ જાહેરાત કરી હતી કે, એ દિવસ દૂર નથી જ્યારે ગુજરાત ભારતને તેનું પ્રથમ મેડ-ઈન-ઈન્ડિયા ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ સી-૨૯૫ આપશે. તેમણે સેમીકન્ડક્ટર મિશનમાં ગુજરાતની લીડને અભૂતપૂર્વ ગણાવીને તેની પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, અત્યારે ગુજરાતમાં પેટ્રોલિયમ, ફોરેન્સિકથી માંડીને વેલનેસ સુધીની અનેક યુનિવર્સિટીઓ છે અને ગુજરાતમાં દરેક આધુનિક વિષયોનો અભ્યાસ કરવાની ઉત્કૃષ્ટ તકો રહેલી છે. તેમણે ઉમેર્યું હતું કે, વિદેશી યુનિવર્સિટીઓ અહીં ગુજરાતમાં તેમનાં સંકુલો ખોલી રહી છે. તેમણે ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી કે ગુજરાત સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવી રહ્યું છે, જેમાં સંસ્કૃતિથી માંડીને કૃષિનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત હવે વિદેશમાં પાક અને અનાજની નિકાસ કરે છે, જે અંગે કોઈ વિચારી પણ ન શકે અને આ બધું ગુજરાતની જનતાની મક્કમતા અને મહેનતુ સ્વભાવથી શક્ય બન્યું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, એક પેઢી એવી થઈ છે, જેણે રાજ્યનાં વિકાસ માટે પોતાની જાતને સમર્પિત કરી દીધી છે અને રાજ્યને નવી ઊંચાઈએ લઈ જવામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. લાલ કિલ્લા પરથી ભારતમાં ઉત્પાદિત ઉત્પાદનોની ગુણવત્તા પર તેમણે કરેલા સંબોધનની યાદ અપાવતા પ્રધાનમંત્રીએ લોકોને એવી માનસિકતાથી અલગ થવા અપીલ કરી હતી કે, નિકાસ ન થતી ચીજવસ્તુઓ હલકી ગુણવત્તાની હોય છે. તેમણે ગુજરાત ભારત અને વિદેશમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદિત ઉત્પાદનોના દીવાદાંડી સમાન બને તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ભારત જે રીતે નવા સંકલ્પો સાથે કામ કરી રહ્યું છે, તે દુનિયામાં પોતાની આગવી ઓળખ ઊભી કરી રહ્યું છે. મોદીએ જણાવ્યું હતું કે, ઘણાં દેશોમાં ઘણાં મોટા મંચ ઉપર ભારતનું પ્રતિનિધિત્વ કરતાં ભારતને આટલું સન્માન મળતું હોવાથી જોઈ શકાય છે. "દુનિયામાં દરેક વ્યક્તિ ભારત અને ભારતીયોનું ખુલ્લા દિલે સ્વાગત કરે છે. દરેક વ્યક્તિ ભારત સાથે સારા સંબંધો રાખવા માંગે છે. વિશ્વના લોકો કટોકટીના સમયે સમાધાન માટે ભારત તરફ જુએ છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વિશ્વની અપેક્ષાઓમાં વધુ વધારો થયો છે, કારણ કે ભારતની જનતાએ સતત ત્રીજી વખત સ્થિર સરકાર બનાવી છે. તેમણે કહ્યું હતું કે, જેમ જેમ કુશળ યુવાનોની માગ વધે છે, તેમ તેમ ખેડૂતો અને યુવાનો વિશ્વાસ વધારવાનાં સીધા લાભાર્થી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વિશ્વાસમાં વધારો નિકાસમાં વધારો કરે છે અને વિદેશી રોકાણકારો માટે તકો ઉભી કરે છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, એક તરફ દેશનો દરેક નાગરિક પોતાના દેશની તાકાતને પ્રોત્સાહન આપવા સાથે સમગ્ર દુનિયામાં ભારતનાં બ્રાન્ડ એમ્બેસેડર બનવા ઈચ્છે છે, ત્યારે દેશમાં કેટલાંક લોકો નકારાત્મકતા ધરાવતાં છે અને તેનાથી તદ્દન વિપરીત કામ કરી રહ્યાં છે. તેમણે ઉમેર્યું હતું કે, આવા લોકો દેશની એકતા પર હુમલો કરી રહ્યા છે. શ્રી મોદીએ સરદાર પટેલે ૫૦૦થી વધારે રજવાડાંઓને ભેળવીને ભારતને કેવી રીતે એકતાંતણે બાંધ્યું હતું તેની યાદ અપાવી હતી. તેમણે વધુમાં ઉમેર્યું કે, સત્તાના ભૂખ્યા લોકોનો એક ચોક્કસ વર્ગ ભારતના ટુકડા કરવા માંગે છે. શ્રી મોદીએ ગુજરાતની જનતાને ચેતવણી આપી હતી કે, તેઓ આવા વિભાજનકારી તત્ત્વોથી સાવધ રહે અને આવા લોકોથી સાવચેત રહે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત વિકાસનાં માર્ગે અગ્રેસર છે અને આ પ્રકારની નકારાત્મક શક્તિઓનો હિંમતભેર સામનો કરવા સક્ષમ છે. "ભારત પાસે હવે ગુમાવવાનો સમય નથી. આપણે ભારતમાં ભારતની વિશ્વસનિયતા વધારવી પડશે અને દરેક ભારતીયને ગૌરવપૂર્ણ જીવન પ્રદાન કરવું પડશે." પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમાં પણ ગુજરાત અગ્રણી તરીકે ઉભરી આવશે. અમારા દરેક સંકલ્પને આપણા બધાના પ્રયત્નોથી પૂર્ણ કરવામાં આવશે. મોદીએ અંતમાં જણાવ્યું હતું કે, "અમારા તમામ સંકલ્પો સબ કા પ્રયાસથી પૂર્ણ થશે." આ પ્રસંગે ગુજરાતનાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આજથી તા. ૩૧ ઓકટોબર સુધી સેવાસેતુ તથા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ

## જિલ્લામાં "સેવા સેતુ","સ્વચ્છતા હી સેવા" અને "એક પેડ માં કે નામ" ત્રિવિધ કાર્યક્રમ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૩૧ ઓકટોબર સુધી અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ દસમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ, સ્વચ્છતા હી સેવા, એક પેડ માં કે નામ જેવા કાર્યક્રમોનું સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. જેના સંદર્ભે સોમવારે કલેકટર કચેરી સભાખંડ ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. જેમાં કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપતા જિલ્લા કલેક્ટર જી.ટી. પંડયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૩૧ ઓકટોબર સુધી દસમા તબક્કાનો સેવાસેતુ કાર્યક્રમ, સ્વચ્છતા હી સેવા, એક પેડ માં કે નામ જેવા જનહિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દસમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમ દરમિયાન સરકારની ૫૫ જેટલી વિવિધ વિભાગોની સેવાઓનો લાભ નાગરિકોને એક સ્થળે મળી રહે તે માટે સુચારૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. સાથે સાથે સ્વચ્છતા હી સેવા અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વચ્છતા અંગેના જનભાગીદારી સાથે વિવિધ કાર્યક્રમો પણ યોજાશે. જેમાં જાહેર સ્થળો, બગીચાઓ, બસ સ્ટેન્ડ જેવા સ્થળોએ ગ્રામ વિકાસ વિભાગ, શિક્ષણ, આરોગ્ય, ખેતીવાડી વિભાગો સાથે સંકલન કરી તમામ નાગરિકો સહભાગી બને તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. આ ઉપરાંત "એક પેડ માં કે નામ" અંતર્ગત જિલ્લામાં અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, દસમા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં યોજાનાર છે. જેમાં વિગતે જોઈએ તો પ્રથમ તબક્કામાં નગરપાલિકા વિસ્તારમાં ખંભાળિયામાં તા. ૨૬ સપ્ટે., સલાયામાં તા. ૧૯, રાવલમાં તા. ૧૭, દ્વારકામાં તા. ૩૦, ભાણવડમાં તા. ૫ ઓક્ટોબર અને ઓખામાં તા.૧૭ ઓક્ટોબરના યોજાશે. જ્યારે ગ્રામ્ય કક્ષાએ ત્રણ તબક્કાઓમાં કાર્યક્રમ યોજાશે.

જેમાં પ્રથમ તબક્કામાં તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ તમામ તાલુકાઓમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાશે. જેમાં ખંભાળિયા તાલુકાનો વડત્રા ખાતે, ભાણવડ તાલુકાનો ગુંદા ખાતે, દ્વારકા તાલુકાનો ટુપણી ખાતે તથા કલ્યાણપુર તાલુકાનો ભાટિયા ખાતે યોજાશે.

ઉપરાંત જનભાગીદારી સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લો સ્વચ્છ બની રહે તે માટે સૌ નાગરિકોને કલેક્ટરે અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી ભૂપેશ જોટાણીયા, ખંભાળિયા પ્રાંત અધિકારી કે.કે. કરમટા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ગોહિલ, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતની તમામ પોસ્ટઓફિસમાં તથા ટ્રેઝરી ઓફિસોમાં નોટરી સ્ટેમ્પ તથા અન્ય ટીકીટો ઉપલબ્ધ કરાવવા ટિમ ગબ્બર મેદાને



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૭

ટીમ ગબ્બર ગુજરાતના કે.એચ. ગજેરા એડવોકેટ તથા વિસાવદરના એડવોકેટ નયનભાઈ આર. જોશી દ્વારા વડાપ્રધાન, કેન્દ્રીય કાયદામંત્રી, ગુજરાત મુખ્યમંત્રી, કલેકટર તમામ જિલ્લા, નોટરીસેલ નવીદિલ્હી, પોસ્ટમાસ્તર તમામ જિલ્લા, ટેઝરી ઓફિસર તમામ જિલ્લા, તાલુકા સહિતનાને રજૂઆત કરી જણાવેલ છે કે, ગુજરાતના વિવિધ નોટરીઓ દ્વારા અવાર -નવાર રજુઆતો મળેલ છે કે, ગુજરાતની મોટાભાગની પોસ્ટ ઓફિસોમા નોટરીની નોટરીયલ સ્ટેમ્પ ટીકીટ ફાળવવામાં આવતી નથી અને જે તે જિલ્લા કે તાલુકાની સબ ટ્રેઝરી ઓફિસોમાં પણ નોટરીયલ સ્ટેમ્પ ટિકિટો પૂરતા પ્રમાણમાં ફાળવવામાં આવતી નથી તેના કારણે સમગ્ર ગુજરાતના નોટરીઓ અન્ય તાલુકા અથવા જિલ્લામાંથી ટિકિટો મેળવવા પ્રયાસ કરતા હોય છે તાલુકા મથકે નોટરીયલ સ્ટેમ્પની સતત અછત ઉભી થાય છે અને બાબા આદમ વખતના જુના નિયમો કાઢી નોટરીયલ સ્ટેમ્પ જૂની સ્થિતિ મુજબ ખુબજ ઓછા પ્રમાણમાં ફાળવવામાં આવે છે સમગ્ર ગુજરાતમાં તાજેતરમાં આઠ હજાર ઉપર નવા નોટરી કેન્દ્ર સરકારે ફાળવેલ છે આ ઉપરાંત જુના નોટરી પણ તેથી વધુ છે. ઉપરાંત ગુજરાત સરકારના પણ અનેક નોટરી હોય તેઓ દરેક નોંધણી ઉપર રૂપિયા ૫૦/-ટીકીટ લગાવતા હોય છે અને ૫ રૂપિયાની ટિકિટની જગ્યાએ ૫૦ની એક ટિકિટ નવી બહાર પાડી કાગળનો ઉપયોગ થતો અટકાવી પર્યાવરણને નુકસાન થતું અટકાવી શકાય છે અને વધુ કાગળો નો પણ બચાવ થઈ શકે છે ભવિષ્યમાં સ્વાભાવિક રીતે ટિકિટની વધુ પ્રમાણમાં જરૂરિયાત રહે આ બાબતેનો સરકાર વહેલી તકે વ્યવહારુ ઉકેલ લાવે તે જરૂરી છે જેથી સરકારને પણ સારી એવી આવક થાય તેમ છે તેમજ ગુજરાતની તમામ પોસ્ટની કચેરીઓમાં તથા ટ્રેઝરીની તમામ ઓફિસોમાં જ્યારે નોટરીને નોટરીયલ સ્ટેમ્પની જરૂરિયાત હોય ત્યારે કોઈપણ સમયે કોઈ ચોક્કસ દિવસ નક્કી કર્યા વગર તાત્કાલિક તમામ ટીકીટો આપે તેવી સમગ્ર ગુજરાતમાં વ્યવસ્થા ઉભી કરવા અમારી માંગ સાથે રજુઆત છે જેથી આ ફરિયાદ અરજી બાદ કરેલી કાર્યવાહી અને આ અંગે કરવામાં આવે તે તમામ કાર્યવાહીનો લેખિત જવાબ નાગરિક અધિકાર પત્ર અન્વયે ટીમ ગબ્બરના અમારા સરનામે મોકલવા રજુઆત કરેલ હોવાનું ટિમ ગબ્બર ગુજરાતના વિસાવદરના એડવોકેટ નયનભાઈ જોશીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## દ્વારકા જિલ્લામાં વધુ ૮ પોલીસ કર્મીઓની બદલી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસનાં સામુહિક બદલીનો ઓર્ડરમાં ભાણવડના કેસુરભાઈ માડમને હેડ ક્વાર્ટરમાં, મંદિર સુરક્ષાના રવિભાઈ નાગેશને ઓખા મરીન, રીંકલભાઈ અમૃતિયાને એલ.આઈ.બી.માંથી ભાણવડ, સહીત પાંચ પોલીસ કર્મીઓની દ્વારકા જીલ્લા પોલીસ વડા દ્વારા બદલી કરવામાં આવી છે.

# અદાણી ફાઉ.મુંદ્રાની ભૂમિને લીલીછમ બનાવવા કૃતસંકલ્પ

## નવા ૧૨,૦૦૦ વૃક્ષોનું વાવેતર, વૃક્ષમિત્રોને રૂા.૧૦,૦૦૦નો ચેક અર્પણ






મુંદ્રા, તા.૧૭

અદાણી ફાઉન્ડેશનપર્યાવરણ જતનના સહિતના સમાજોપયોગી કાર્યોમાં સતત અગ્રેસર છે. મુંદરા નજીકના પીપરી અને નાની ખાખર ગામે 'અદાણી વન'નું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું.જેમાં વૃક્ષારોપણ થકી પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાન આપતા ૧૨૦૦૦ વૃક્ષોનું વાવેતર કરી 'અદાણીવન' ઉભુ કરવામાં આવશે. ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવેનાવરદહસ્તે ખાતમુહૂર્ત બાદવૃક્ષમિત્રોને રૂા.૧૦,૦૦૦ના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા.

મુંદરા ની આસપાસના વિસ્તારમાં હરિયાળી ફેલાવી લીલોછમ બનાવવા અદાણી ફાઉન્ડેશને બીડું ઝડપ્યું છે.'અદાણી વન'ના ખાતમુહર્ત સાથેતેમાંડ્રીપ ઈરીગેશનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ત્રણ વર્ષમાં શુષ્ક વિસ્તારમાં વૃક્ષોની માવજત કરીહરિયાળી પાથરવા એડીચોટીનું જોર લગાવવામાં આવશે. આ ભગીરથ કાર્યમાંસહભાગી બની તેને સફળ બનાવવા સરપંચ સહિત સર્વ ગામ લોકોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો. કાર્યક્રમના મુખ્ય અતિથી અને ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ અદાણી ફાઉન્ડેશનની સફળ કામગીરીને બિરદાવી સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.ઉલ્લેખનીય છે કે, મુંદ્રા પેટ્રોકેમ લીમીટેડના સહયોગથી નાની ખાખર ખાતે ૧૦,૦૦૦ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ પ્રવૃતિ ''એક વૃક્ષ માઁ કે નામ'' અંતર્ગત કરવામાં આવી હતી. તાજેતરમાં અદાણી ફાઉન્ડેશનને વૃક્ષારોપણની અદભૂત કામગીરી બદલ ગુજરાત સરકાર દ્વારા ''વનપંડિત'' પુરસ્કારથી નવાજવામાં આવ્યું હતું.જેમાં સંસ્થાને રૂા.૫૦,૦૦૦ રૂપિયા સહિત પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. અદાણી ફાઉન્ડેશને વૃક્ષોના ઉછેર અને જતનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર પાંચ વૃક્ષ મિત્રોને પુસ્કારરૂપે તે રકમ એનાયત કરી હતી. વૃક્ષમિત્રોમાં પ્રતાપપરના કિશન કે ગઢવી, ગોરબાઈ બેન લખમણ ગઢવી, દેસલપરના દિલુભા જાડેજા, નાના કપાયાના કરશનભાઈ મહેશ્વરી, તેમજ મોટી ખાખરના હરજીભાઈ ગઢવીનો સમાવેશ થાય છે.તમામ વૃક્ષમિત્રોને ધારાસભ્ય અનિરુદ્ધભાઈના હસ્તે પુરસ્કાર રૂપે ચેક આપવામાં આવ્યા હતા. અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડો.પ્રીતિબેન અદાણી વૃક્ષારોપણ સહિતની સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં ઉંડો રસ દાખવે છે. તેમના માર્ગદર્શન અને દીર્ઘદ્રષ્ટિપૂર્ણ વિચારોના પરિણામે અદાણી ફાઉન્ડેશન સમાજમાં હકારાત્મક બદલાવ લાવવાની દિશામાં સતત કાર્યરત છે.

# યાત્રાધામ દ્વારકાના વિકાસ માટે કમિટીની રચના કરતી રાજય સરકાર







(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૭

કેન્દ્ર તથા રાજ્ય સરકારની મહાત્વાકાંક્ષી યોજનાઓમાં યાત્રાધામ દ્વારકામાં વિકાસલક્ષી કોરીડોર સામેલ છે ત્યારે ભવિષ્યના આયોજનોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે દ્વારકાના વિકાસ માટેની વિશેષ કમિટીની રચનાની જાહેરાત કરી છે.

**મુખ્યમંત્રી રાજયકક્ષાના સચિવો સહિત દેવસ્થાન સમિતિના અધ્યક્ષ ઉપાધ્યક્ષને નિયુકિત**

દ્વારકા યાત્રાધામના વિકાસ માટેની વિશેષ કમિટીના અધ્યક્ષપદે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રહેશે. જયારે સદસ્યોમાં મેમ્બર સેક્રેટરી પદે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર તેમજ સદસ્યો તરીકે દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ ધનરાજ નથવાણી, સ્થાનીય ધારાસભ્ય પબુભા માણેક અને સચિવ કક્ષા અધિકારીગણમાં રાજ્ય ચીફ સેક્રેટરી, એડીશનલ ચીફ સેક્રેટરી (રેવન્યુ) અને એડીશનલ ચીફ સેક્રેટરી (ફાઈનાન્સ) તથા પ્રીન્સીપાલ સેક્રેટરી અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીંગ ડેવલોપમેન્ટ તેમજ સેક્રેટરી ટુરીઝમ દેવસ્થાન મેનેજમેન્ટ અને સિવિલ એવીએશન અને પીલગ્રીમેજ અને કમીશન ઓફ મ્યુનીસીપાલીટીઝ, એડમીનીસ્ટ્રેશન વગેરેનો સમાવેશ કરાયો છે.

**ધર્મનગરીને ગ્લોબલ આદ્યાત્મિક ટુરીઝમ હબ બનાવવાની નેમ**

અત્રે નોંધનીય છે કે દેશના તીર્થ ક્ષેત્રોના વિકાસ માટે રાજય અને કેન્દ્ર સરકાર સતત પ્રયત્નશીલ છે જેમાં પણ ભગવાન શ્રીકૃષ્ણની કર્મભૂમિ ગણાતી યાત્રાધામ દ્વારકાને વધુને વધુ સુવિધાસભર બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ રાજયસભાના સાંસદ પરિમલભાઈ નથવાણી અંગત રસ લઈ રહયા છે ત્યારે આગામી સમયમાં દ્વારકા કોરીડોરનું નિર્માણ કરી આધ્યાત્મિક નગરીના સર્વાંગી વિકાસ સાથે વિશ્વફલક પર ધર્મભૂમિને ગ્લોબલ ટુરીઝમ હબ તરીકેનું મહત્વનું સ્થાન મળે તે દિશામાં પગલાં લેવામાં આવનાર છે ત્યારે આ કમીટીની રચનાથી આ દિશામાં પાયો નાખવાની પ્રક્રિયા થતાં આ સમિતિ આગામી વિકાસકાર્યોમાં ચાવીરૂપ ભૂમિકા ભજવતી જોવા મળશે.

**દ્વારકા ઓખા અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીની પણ ટૂંકમાં રચના થશે**

ચાલુ વર્ષે ફેબ્રુઆરી માસમાં બેટ દ્વારકાને જમીન માર્ગે જોડતા સુદર્શન સેતુના લોકાર્પણ સમયે પ્રધાનમંત્રીએ દ્વારકાના વિકાસને વેગ આપવાના સંકેતો આપ્યા હતા. જે પછી દ્વારકા કોરીડોર પ્રોજેકટ સબંધે તબકકાવાર મીટીંગ-આયોજનો યોજયા બાદ રાજ્ય સરકાર દ્વારા કમિટીની રચના કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા દ્વારકા નગરપાલીકા, ઓખા નગરપાલીકા, બેટ દ્વારકા તેમજ શિવરાજપુર બીચ સહિતના વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે અલાયદી સત્તામંડળની રચનાની જાહેરાત કરાઈ છે જેની અમલવારી માટે પણ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

**દ્વારકા કોરીડોર પ્રોજેકટ અંગે તબકકાવાર કામગીરી થશે**

દ્વારકા કોરીડોર પ્રોજેકટના અમલીકરણ માટેના પાયારૂપ કામગીરી અંગે ક્ષસૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર પ્રથમ તબકકામાં દ્વારકાધીશ મંદિર આસપાસના ૫૦ મીટરના વિસ્તારમાં વિકાસકાર્યોનો પ્રારંભ કરાશે જે અંગે ટૂંક સમયમાં કામગીરીનો પ્રારંભ થઈ શકે તેવી સંભાવના જોવાઈ રહી છે. આગામી સમયમાં સમગ્ર વિકાસકાર્યોમાં પ્રમુખ સ્થાને દ્વારકા કોરીડોર પ્રોજેકટ રહેશે તેમજ તબકકાવાર વિકાસકાર્યો હાથ ધરવામાં આવનાર હોવાનું પણ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. સરકારની દ્વારકા કોરીડોરના વિકાસ માટેની પ્રતિબધ્ધતા અને એ દિશામાં ચાલતી કામગીરી પરથી આગામી સમયમાં દ્વારકા ક્ષેત્ર યાત્રાધામ દ્વારકા તથા બેટ દ્વારકા તેમજ શિવરાજપુર બીચ સહિતના મહત્વના સ્થળોને સાંકળતું ધાર્મિક તેમજ પ્રવાસનલક્ષી સુવિધાઓ ધરાવતું હબ બની જશે તેવું માનવામાં આવી રહયુ છે.

# દ્વારકા જીલ્લામાં લોકઅદાલતમાં ૩૩૩૧ કેસોનો નિવેડો : ૪.૧૨ કરોડના હુકમો કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૭



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શનિવારે તૃતીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૩૩૧ કેસોનો નિકાલ આવ્યો હતો અને રૂપિયા ૪.૧૨ કરોડના હુકમો કરવામાં આવ્યા હતા. જેથી એક જ દિવસમાં ૧૭.૩૪ ટકાનો રેકર્ડબ્રેક ઘટાડો નોંધાયો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લાના એડમિનિસ્ટ્રેટિવ જસ્ટીસ એચ.એસ. પ્રચ્છકના માર્ગદર્શન અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના મેમ્બર સેક્રેટરી આર.એ. ત્રિવેદી તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન એસ.વી. વ્યાસની સીધી દેખરેખ હેઠળ શનિવારે સમગ્ર જિલ્લામાં તમામ અદાલતોમાં આ વર્ષની તૃતીય રાષ્ટ્રીય લોક અદાલત તેમજ સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૫૬૦ કેસો મુકવામાં આવ્યા હતા. તે પૈકી ૧૪૯૨ કેસોનો સમાધાન દ્વારા નિકાલ લાવવામાં આવ્યો હતો. જેના કુલ રૂા.૩,૭૦,૬૭,૬૯૯ ના હુકમો કરાયા હતા. જેમાં અદાલતમાં ૧૦ વર્ષ કે તેથી વધુ સમયથી પેન્ડિંગ હોય તેવા ૧ સિવિલ કેસ લોક અદાલતના માધ્યમ થી નિકાલ લાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રિ-લીટીગેશન કેસો માટે પ્રિ-લીટીગેશનમાં કુલ ૨૪૭૨ કેસો પૈકી ૧૭૨૪ કેસોના નિકાલમાં રૂા. ૪૧,૪૨,૦૨૬ નો હુકમ થયો હતો. ઉજાસ – એક આશા ની કિરણ પ્રિ – લિટીગેશન મેટ્રીમોનિયલ ડીસ્પુટ લોક અદાલત અંતર્ગત ૧૩૫ કેસો મુકવામાં આવ્યા હતા.

જેમાંથી ૧૧૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાયેલી લોક અદલત તથા સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગમાં કુલ ૩૩૩૧ કેસોનો નીવેડો લાવવામાં આવ્યો હતો. જેમાં રૂા.૪,૧૨,૦૯,૭૨૫ ના હુકમો કરાયા હતા. કલ્યાણપુરમાં ૪૮૩, ઓખામાં ૨૩૪, ભાણવડમાં ૧૯૯, અને દ્વારકામાં ૨૩૩ કેસો ફેસલ કરવામાં આવ્યા હતા. તેમ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવની યાદીમાં જણાવાયું છે.

# અતિવૃષ્ટિગ્રસ્ત દ્વારકા જીલ્લાના માલધારીઓને સમાજના આગેવાનો દ્વારા સહાય

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૭



ખંભાળિયા સહિત સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં વરસી ગયેલા અતિવૃષ્ટિ જેવા ભારે વરસાદમાં જુદા જુદા ગામના અનેક માલધારીઓને વ્યાપક નુકસાની થવા પામી હતી. જેને અનુલક્ષીને ભરવાડ સમાજના આગેવાનો દ્વારા રોકડ સહાય એકત્ર કરી અને મહંતોની ઉપસ્થિતિમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થોડા દિવસો પૂર્વે અતિભારે વરસાદ વરસી જવા પામ્યો હોતો. જેના કારણે ભરવાડ સમાજના માલધારીઓને ઘેટા-બકરા વિગેરે સહિતનું વ્યાપક નુકસાન થવા પામ્યું હતું. આ કઠિન પરિસ્થિતિને અનુલક્ષીને ખંભાળિયા તાલુકાના દાંતા ગામના અગ્રણી રાજુભાઈ ભીમાભાઈ સરસિયાએ સમાજના આ માલધારી પરિવારોને સહાયભૂત થવાના આશયથી પહેલ કરી, રૂપિયા પાંચ લાખની સહાય આપી હતી. આ ઉપરાંત આ સેવાકાર્ય માટે થરાના મહંત પૂ. ઘનશ્યામપુરી બાપુ, દ્વારકાના મહંત પુ. મુનાબાપુ, મુળવાનાથ જગ્યાના મહંત શ્રી બાલારામ બાપુ વિગેરે દ્વારા રૂ. ૩ લાખની સહાય આપવામાં આવી હતી.

આમ, કુલ રૂપિયા ૮ લાખની સહાયથી ૬૦ અસરગ્રસ્ત પરિવારોને મદદરૂપ થવાની પહેલ કરવામાં આવી હતી. આ સહાય વિતરણ કાર્યક્રમ ખંભાળિયામાં પોરબંદર રોડ ઉપર ભરવાડ સમાજની નિર્માણાધિન હોસ્ટેલ ખાતે યોજાયો હતો. જેમાં અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, મહામંત્રી રસિકભાઈ નકુમ, એભાભાઈ કરમુર, નગરપાલિકાના મોહિતભાઈ મોટાણી, શહેર ભાજપ પ્રમુખ અનિલભાઈ તન્ના, કશ્યપભાઈ આહીર, સગાભાઈ રાવલિયા, જગાભાઈ, જુઠાભાઈ વિગેરે અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર આયોજન માટે રમેશભાઈ ટોયટા, લખનભાઈ લારીયા, બાબુભાઈ ચૌહાણ, દેવશીભાઈ ગમારા, સોમાભાઈ, નારણભાઈ, ગોગનભાઈ, પ્રવીણભાઈ, અરજણભાઈ, બાવનભાઈ પાલાભાઈ વિગેરે આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

# સુત્રાપાડાના ધામળેજ ગામે રામદેવપીર બાપાની વિશાળ શોભાયાત્રા, ધ્વજારોહણ યોજાઈ





(પ્રતિનિધી દ્વારા)

પ્રાંચી તીર્થ તા.૧૭

સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામે દર વખતે ની જેમ આ વખતે પણ રામદેવપીર બાપા ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં વિશાળ સંખ્યામાં શોભાયાત્રા નિકળી હતી જે ગામની ગલીએ ગલીએ પરિભ્રમણ કરીને આ શોભાયાત્રા મંદિર ખાતે પહોંચી હતી ત્યાં ધ્વજા રોહણ કરવામાં આવ્યું હતું અને સુ પ્રખ્યાત મેળા ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ શોભાયાત્રામાં સાધુ-સંતોમાં પાધેશ્વરી આશ્રમના ઉપવાસી મહંત કરસનદાસ બાપુ એ ખાસ હાજરી આપી હતી મોટી સંખ્યામાં લોકો આ લોકમેળાને માણવા ઉમટયા હતા.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# ઉનાના પોસ્ટ ઓફિસ ચોક ગણેશ ઉત્સવ સમિતી દ્વારા ગણપતિ ઉત્સવની ઉજવણી

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૭



ઊના માં છેલ્લા ૪૭ વર્ષ થી પોસ્ટ ઓફિસ ચોક માં ગણેશ ઉત્સવ સમિતિ કે જેમાં ઉના ના વેપારીઓ ના સાથ અને સહકાર થી ઉજવાય રહ્યો છે. જેમાં તા ૧૫/૯/૨૦૨૪ રવિવાર ના રોજ અન્નકૂટ તથા કથા નો ભવ્ય આયોજન કરેલ હતો અને છેલ્લા ૪૭ વર્ષથી ઉના ના પ્રથમ ગણપતિ બાપા ની સ્થાપના પોસ્ટ ચોક થીજ શરૂવાત કરેલ અને આજે ઉના શહેર તથા ઉના તાલુકાના લોકો એક વાત પોસ્ટ ઓફિસ ચોક ઉનાના દર્શન કરવા અચૂક આવે જ છે.

# પ્રાંચી તીર્થ ખાતે કોળી સમાજમાં બુધવારે વિનામૂલ્યે નેત્ર નિદાન, હાર્ડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

પ્રાંચી તીર્થ તા.૧૭

પ્રાંચી તીર્થ ખાતે તા.૧૮ /૯/ ૨૦૨૪ને બુધવાર ના રોજ શ્રી કોળી સમાજ ભવન વેરાવળ - કોડીનાર હાઈવે રોડ ઉપર વિના મૂલ્ય શ્રી સદગુરૂ સુપર મેગા નેત્રયજ્ઞ નિદાન કેમ્પ તથા હાર્ડવૈદ,જનરલ ચેકઅપ કેમ્પ રાખવામાં આવેલ છે જેમાં રણછોડદાસજી આંખની હોસ્પિટલ રાજકોટના સેવાભાવી ડોક્ટરો તથા સ્ટાફ પોતાનું યોગદાન આપશે તથા હાર્ડવૈદ હમીરભાઈ તથા ડો. રોહિતભાઈ પટેલ પ્રાચી તીર્થ પોતાની સેવાઓ આપશે આ વિનામુલ્યે સદગુરૂ નેત્રયજ્ઞમાં આંખના રોગોનું નિદાન કરી જરૂરીયાતવાળા મોતીયાના દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલની બસમાં લઈ જઈ અન્યાધુનિક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફટ ફોલ્ડેબલ લેન્સ ( નેત્રમણી ) સાથે વિનામુલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે આવનાર દરેક દર્દીઓને રહેવા ,જમવા , શુધ્ધ ઘીનો શીરો, ચા પાણી – નાસ્તો,ચશ્માં,દવા, ટીપા મફત આપવામાં આવશે આ ઉપરાંત ઓપરેશન થયા બાદ દર્દીઓને કેમ્પના સ્થળે પરત મુક્વાની પણ વ્યવસ્થા હોસ્પિટલ તરફથી કરવામાં આવી છે આ કેમ્પમાં દર્દીઓને કોઈ પ્રકારની તકલીફ ન પડે તે માટે રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા બધા જ પ્રકારની વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે આ ઉપરાંત દરેક દર્દીને કોઈ બિમારી હોય તો પણ તેની તકેદારી રાખીને તેનું નિદાન કરવામાં આવનાર છે આ કેમ્પના આંખના દર્દીઓને બહોળી સંખ્યામાં લાભ લેવા પત્રકાર જાદવભાઈ ચુડાસમા પ્રાચી તીર્થ મો. ૯૯૭૮૫ ૨૩૧૮૨ ગાયત્રી સ્ટીલ એન્ડ પ્લાસ્ટિક વેર, ગાયત્રી સ્ટીલ એન્ડ કિચન વેર માધવરાય રોડ મોક્ષ પીપળા ની બાજુમાં સંપર્ક કરવા દર્દીને અનુરોધ કરાયો છે.

# સોમનાથ મંદિર પાસેનાં રસ્તા-ફુટપાથ એટલે મોતનો કુવો



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસપાટણ તા.૧૭

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મંદીરની તદન જ નજદીક સોમનાથ ટ્રસ્ટની ઓફિસની સામે આવેલ દુકાનોની ફુટપાથ બે-ત્રણ ઠેકાણે સાવ જ ખુલ્લી છે. તો બે સ્થળે એટલી જર્જરીત છે કે, તે ફુટપાથ પર ચાલનાર કયારે તે ગટર પોપડા ખરી ગટરમાં ગાયબ થઈ જશે તે નક્કી નથી. સોમનાથ મંદિરે આવતા યાત્રિકો ઉત્સુકતા-ભક્તિ અને પોતાની ધૂનમાં ફુટપાથ ઉપર ચાલ્યા જતા હોય છે જે બે ખુલ્લી ગટર ઢાંકણા પેક વગરની ગટર અને અન્ય ત્રણ ગટરના જર્જરીત ઢાકણા હાલવાથી પડી જાય તેવી સ્થિતિમાં છે. તંત્ર કંઈ જોતું નથી અને લોકો-યાત્રિકો માટે આ જીવલેણ પરિસ્થિતિ નિવારાતી નથી અને તંત્ર હોતા હૈ... ચલતા હૈ... જેવી સ્થિતિમાં છે.

# નવજાત બાળકના ગળામાં ગર્ભનાળ છંતા મીઠાપુરમાં ૧૦૮ દ્વારા સગર્ભાની સફળ પ્રસુતિ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૭

ઓખા મંડળના મીઠાપુર વિસ્તારમાં રહેતા એક સગર્ભા મહિલાને પ્રસુતિની પીડા ઉપાડતા આ અંગે તેમના પરિવારજનોના દ્વારા ૧૦૮ ને જાણ કરવામાં આવી હતી. જેથી નાગેશ્વર ૧૦૮ ના ઈ.એમ.ટી. નિર્ભય બારડ તેમજ પાયલોટ નાથાભાઈ તાકીદે વરવાળા ખાતે આ સગર્ભાના ઘરે પહોંચ્યા હતા. હોસ્પિટલે લઈ જતા પૂર્વે પ્રસુતાને પીડા વધતા અહીં એમ્બ્યુલન્સમાં જ તેણીની પ્રસુતિ કરવાની અનિવાર્ય હોય, ઈ.એમ.ટી. નિર્ભય બારડ દ્વારા આ મહિલાની નોર્મલ ડિલિવરી કરાવવામાં આવી હતી.

મહત્વની બાબત તો એ છે કે નવજાત બાળકના ગળામાં ગર્ભનાળ વીંટળાયેલી હતી. તેમ છતાં પણ સલામત રીતે પ્રસુતિ કરી, બાળક અને માતાને દ્વારકાની સરકારી હોસ્પિટલ ખાતે સલામત રીતે પહોંચાડવામાં આવ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં આમ આદમી પાર્ટીમાં હોદ્દેદારોની નિમણૂંક કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૭



દેવભૂમિ દ્વારકા જિલ્લા "આપ" સંગઠન દ્વારા સંગઠનના વ્યાપ વધારવા માટે અને સંગઠનને મજબૂત બનાવવા માટે આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતા સુરેશભાઈ મકવાણાનું અવસાન થતા તે પદ તેમના ભાઈ વિનોદભાઈ મકવાણાને પ્રદેશ એસ.સી. સેલમાં નિમણૂક કરવામાં આવી છે. આ સાથે દ્વારકા શહેર મહિલા પ્રમુખ તરીકે વીરાબેન રોસીયા, ખંભાળિયા શહેર એસ.સી.સેલ. ઉપપ્રમુખ તરીકે વિરજીભાઈ મકવાણા, ખંભાળિયા તાલુકા એસ.સી. સેલ ઉપપ્રમુખ તરીકે ગિરધરભાઈ મકવાણા, તાલુકા મંત્રી તરીકે ગિરધરભાઈ મુછડીયા, ભાણવડ શહેર એસ.સી. સેલ ઉપપ્રમુખ તરીકે વિનુભાઈ જોડ, તેમજ મહિલા આગેવાન અજીજાબેન દાઉદભાઈ ચાકીને ખંભાળિયા શહેર મહિલા ઉપપ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતા, આગેવાનો તેમજ જિલ્લા શહેર અને તાલુકાના હોદેદારોએ હાજર રહીને તમામ નવનિયુક્ત હોદેદારોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# જૂનાગઢને ભ્રષ્ટાચારની ગર્તામાં ધકેલી દેનારને ઘરભેગા કરો : અમૃત દેસાઈ

## ધારાસભ્યએ પ્રજાની પીડાને વાચા આપવાના પ્રયાસને આવકારી આગામી સમયમાં જ સેટીંગીયાઓને દુર કરવા મેદાને પડવા આહ્‌વાન : પ્રજા તમારી સાથે જ છે



જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ કોર્પોરેશનનું રાજકારણ દિવસે દિવસે નવા નવા મધપુડા છંછેડતું હોય છે. તે દરમ્યાન સંઘના પ્રખર વ્યકિત અને ભાજપના પુર્વ મહામંત્રી અમૃત દેસાઈએ સોશ્યલ મીડીયામાં પોતાના સ્ફોટક નિવેદનનો વિડીયો વાયરલ કરતા ભારે હલચલ મચી ગઈ છે. અમૃત દેસાઈએ પ્રદેશ કક્ષાના આગેવાનોને આહવાન પણ કરેલ છે કે, જૂનાગઢ શહેરને ભ્રષ્ટાચારની ગર્તામાં ધકેલી દેનારાઓને ઘરભેગા કરવામાં નહી આવે તો આગામી સમયમાં જૂનાગઢ નર્કાગારમાં ફેરવાઈ જશે તેવી દહેશત વ્યકત કરી છે.

તાજેતરમાં જ જૂનાગઢ શહેરની પીડાને વાચા આપતો એક વિસ્તૃત પત્ર જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાએ કમિશ્નરશ્રીને પાઠવેલ છે અને તેઓએ પ્રજાની પીડાને વાંચા આપી છે તે બદલ તેમની કામગીરીને આવકારી અને અભિનંદન આપી ભાજપના પુર્વ મહામંત્રી અમૃત દેસાઈએ એક સ્ફોટક નિવેદન આપેલ છે જેમાં કોર્પોરેશનમાં જે રાજ રમત ખેલાઈ રહી છે તેનો પર્દાફાશ કર્યો છે. અને પ્રદેશ કક્ષાના મોવડીઓને જૂનાગઢ શહેરને બચાવવા માટેની આ નિવેદનમાં હાંકલ પણ કરી છે. પંડિત દિનદયાળની વિચારધારાના પ્રખર હિમાયતી અને નિષ્ઠાવાન કાર્યકર અને આરએસએસના પીઢ પ્રવકતા અને જૂનાગઢના જાગૃત નાગરિક અમૃતભાઈ દેસાઈ કે જેમણે અવાર નવાર પ્રજાના કોઈપણ પ્રશ્ન હોય, વિકાસના કોઈ કામો હોય એક જાગૃતના નાગરીકના ધોરણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધી પત્ર વ્યવહાર, ઈમેઈલ વગેરે દ્વારા અસરકારક અને સફળ રજુઆતો કરી છે અને આવી રજુઆતોનો પડઘો પણ પડયો છે. અને પ્રજાના એક નિષ્ઠાવાન કાર્યકર તરીકેની તેઓએ અમીટ છાપ પણ ઉભી કરી છે. દરમ્યાન જૂનાગઢ ભાજપમાં ઉકળતા ચરૂ જેવી સ્થિતીનો પોતાના નિવેદનમાં ઉલ્લેખ કરી અમૃતભાઈ દેસાઈએ જે સોશ્યલ મીડીયામાં વીડીયો વાયરલ કરેલ છે અને એક ન્યુઝ ચેનલને જે ઈન્ટરવ્યું આપેલ છે તેમાં ખુબ જ સ્ફોટક માહિતી આપી છે. તેઓએ આ નિવેદનમાં ભારપુર્વક જણાવેલ છે કે, જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ પ્રજાના પ્રશ્નોને વાંચા આપવા માટે કમિશ્નરને જે પત્ર લખવો પડયો છે તે કમનસીબી ગણાય. એક ધારાસભ્યને પત્ર લખવો પડયો છે તે આજની સ્થિતી કેવી કોર્પોરેશનની છે તેનો ચિતાર આપ્યો છે. એટલું જ નહી કોર્પોરેશન તેમજ પ્રજાને ચુસી નાખનારા ખાસ કરીને જે ચારથી પાંચ સેટીંગ્યા છે તેના વિરૂધ્ધ આગ ઓંકતું નિવેદન જારી કરેલ છે. અમૃતભાઈ દેસાઈએ આ નિવેદનમાં એમ પણ જણાવ્યું છે કે, અગાઉ પણ કોર્પોરેશનમાં ખાસ કરીને પ્રજાના પ્રશ્નો અંગે દરમ્યાનગીરી કરનારા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાનું ઉપર સુધી કંઈ ઉપજે નહી તે માટેના પ્રયાસો કરવામાં પ્રદેશ કક્ષા સુધી પહોંચી ગયેલા આ સેટીંગ્યાઓએ એવું વાતાવરણ ઉભું કર્યુ છે કે, ધારાસભ્યએ કોર્પોરેશનની કામગીરીમાં દખલ ન કરવી જોઈએ. અને તે માટેનું દબાણ અગાઉ પણ કરેલ છે પરંતુ તેમ છતાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ પ્રજાના પ્રશ્નો અંગે જે વાંચા આપવાનો પ્રયાસ કર્યો છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. વિશેષમાં અમૃતભાઈ દેસાઈએ જણાવ્યું છે કે, જૂનાગઢ કોર્પોરેશનમાં જે કીડાની જેમ વળગી ગયેલા આ ચારથી પાંચ લોકો કોર્પોરેશન અને પ્રજાને ફોલી ખાઈ છે અને આવા લોકોને કારણે ભ્રષ્ટાચારનું તંત્ર માજા મુકયું છે. હાલ જૂનાગઢમાં પ્રજાના પ્રશ્નોનો કોઈ ઉકેલ નથી આવતો તેવી સ્થિતી ઉભી કરી છે. તેઓએ સ્પષ્ટ રીતે જાહેર કર્યુ છે કે, પ્રદેશ કક્ષાએ પંડિત દિનદયાળની વિચારધારાવાળા કોઈ આગેવાન બેઠા હોય તો જૂનાગઢના સંગઠનને તાત્કાલીક બદલવું જોઈએ. નહીતર જૂનાગઢ નર્કાગારમાં ફેરવાઈ જશે અને હવે તમામ સરહદોને પાર કરી દેવામાં આવી છે ત્યારે આ બાબતે નિષ્પક્ષ રીતે અને નિષ્ઠાવાન રીતે જૂનાગઢનું સંગઠન માળખું બદલવા માંગ કરી છે. અત્યાર સુધી ઉચ્ચ કક્ષાએથી વિવિધ તબકકામાં જુદા જુદા શહેરમાં કૌભાંડ કરનારાઓ અને ભ્રષ્ટાચાર કરનારાઓ વિરૂધ્ધ ઈડી સહિતની તપાસો યોજવામાં આવી છે ત્યારે જૂનાગઢમાં આટલો આટલો ભ્રષ્ટાચાર થાય છે અને કોર્પોરેશનના આ કહેવાતા ચારથી પાંચ વ્યકિતઓ સામે આજ સુધી કોઈપણ જાતની તપાસ કરવામાં આવી નથી. તેઓએ એવો તમાચો પણ મારેલ છે કે જે લોકો પાસે કાંઈ ન હતું તેવા લોકો આજે અબજોપતિ બની ગયા છે. ત્યારે તે બાબતે કેમ તપાસ નહી? તેવો પણ ઉલ્લેખ કર્યો છે.

અંતમાં ફરી ફરી એવી માંગણી કરી છે કે જૂનાગઢના સંગઠનને તાત્કાલીક ધોરણથી બદલી નાંખવું પડશે નહી તો નર્કાગાર જેવી સ્થિતી સર્જાશે તેવી દહેશત વ્યકત કરી છે અને અમે પંડિત દિનદયાળની વિચારધારા ધરાવતા કાર્યકર્તાઓ-સેવકો છીએ અને અમારી નીષ્ઠા અમારી સાથે જ રહેલી છે અને પ્રજાના પ્રશ્નને અસરકારક વાંચા આપવાનો પણ પ્રયાસ કરીએ છીએ તેમ જણાવી જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાને પણ તેઓએ આહવાન કરેલ છે કે તમો કોઈપણ જાતની શેહ-શરમ રાખ્યા વિના કથિત ભ્રષ્ટાચાર કરનારાઓ વિરૂધ્ધ એક જંગ છેડો, પ્રજા તેમજ અમે પણ તમારી સાથે જ છીએ તેવો હુંકાર કરેલ છે. છેલ્લા દોઢ માસથી જૂનાગઢ કોર્પોરેશનમાં કમિશ્નરશ્રીનું શાસન છે અને કમિશ્નર ડો.ઓમ પ્રકાશ દ્વારા સારી કામગીરી કરવામાં આવી રહી છે તેવો ઉલ્લેખ પણ આ નિવેદનમાં કર્યો છે.

# જૂનાગઢ શ્રી વરીયા વૈષ્ણવ પ્રજાપતિ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો









જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ શ્રી વરીયા વૈષ્ણવ પ્રજાપતિ સમાજ દ્વારા તા.૧૫/૯/૨૦૨૪ને રવિવારે ભવનાથમાં આવેલ પ્રજાપતિ એકતા ભવને તેજસ્વી તારલાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયેલ હતો. કાર્યક્રમના પ્રારંભે દીપ પ્રાગટ્ય તથા રાષ્ટ્રગીત તેમજ સૌનું સ્વાગત કરાયું હતું. તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા સમાજ અગ્રણીઓ તથા વિશાળ સંખ્યામાં જ્ઞાતિબંધુઓ મહિલા મંડળ સહિત સમાજના નારી શક્તિ પણ ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન મંત્રી ચંદુભાઈ વાડોલીયાએ કર્યુ હતું. જેમાં ધોરણ ૧ થી શરૂ કરીને ઉચ્ચ ડિગ્રીના ૧૭૦થી વધુ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આચાર્ય જયભાઈ વસવેલિયાએ શિક્ષણ અંગે વિદ્યાર્થી તથા વાલી સમક્ષ વિચાર રજૂ કર્યા હતા. અનિલભાઈ નળિયાપરાએ આજની ઘડી રળિયામણી ગીત લલકારી સૌને આનંદ કરવા સંદેશ આપ્યો હતો.સંસ્કૃતિ સંસ્કાર સાથે ધર્મનો રાહ બતાવનાર ભગવદગીતા વિશે પ્રખર વકતા પ્રશાંત પ્રજાપતિએ સુંદર ઉદબોધન કર્યુ હતું તેમજ હિરેન પ્રજાપતિએ વ્યસનમુક્તિ અંગે આગામી કાર્યક્રમો કરવા રજૂઆત કરી હતી. નાનો કલાકાર કર્તવ્યએ "ઓખો તો દુનિયાથી નોખો કહેવાય" રજૂ કરી દ્વારકાધીશની જય બોલાવી હતી. કાર્યક્રમમાં પ્રમુખ અંગેની ચૂંટણી કરવાની હતી. જેમાં જ્ઞાતિની સર્વ સંમતિથી ફરીથી પૂર્વ કોર્પોરેટર હસમુખભાઈ ખેરાળાની જ પસંદગી કરવામાં આવી હતી. તેમણે પોતાના વકતવ્યમાં સમાજના દરેક કાર્ય પૂર્ણ કરવા ખાતરી આપી હતી અને આગામી સમૂહ લગ્ન તેમજ સમાજની અમુક સમસ્યા,પ્રશ્નો અને કાર્યો અંગે ચોખવટ કરી તમામ કાર્ય અંગે પ્રયત્નશીલ હોવાનું જણાવેલ હતું. જૂનાગઢ વરીયા વૈષ્ણવ પ્રજાપતિ કમિટીના દરેક સભ્યોને તનતોડ અથાગ અને અથાગ મહેનતથી છેલ્લે પાઉંભાજી અને ગુલાબજાંબુની જમણવાર સુધી સફળતા પામેલા કાર્યક્રમ બદલ પ્રમુખ હસમુખભાઈ ખેરાળાએ સૌનો આભાર માન્યો હતો.

## જૂનાગઢના વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોની અનોખી સેવા



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૭

ભુલો ભલે બીજુ બધુ મા-બાપને ભુલશો નહી એ પંક્તિ કયાક સાર્થક બનેછે તો કયાક એ પંક્તિ વિસરાતી જોવા મળે છે. ઘણાં એવા ઘર છે જ્યાં વૃધ્ધોની સાર સંભાળ રાખવામાં આવે છે તો કોઈ એવા પણ ઘર છે જ્યાં એક બે કે વધુ દિકરાઓ હોવા છતાં પણ મા બાપ અલગ રહેતા હોયછે તો કોઈ ઘર એવા પણછે જ્યાં પરિવારજનોએ પોતાના વૃધ્ધ મા-બાપને તરછોડી દેતા નિરાધાર વૃધ્ધોને નિરાધાર કે વૃદધ આશ્રમનો સહારો લઈ ગઢપણ વિતાવી રહ્યા છે. વાત કરીએ જૂનાગઢમાં વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોની જે પોતાના વૃદધ પેન્સનમાંથી મળતા એક હજાર રૂપીયામાંથી દર મહીને બચત કરી સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી બને છે જેમાં સેવા સેતુ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જેમાં ગાયોને ઘાંસચારો, જરૂરીયાતમંદ લોકોને અનાજની કિટ, કુતરાઓને રોટલા, માછલીઓને ગોળ, લોટની ગોળીઓ, જરૂરીયાતમંદ દર્દીઓને દવા, બુટ, ચંપલ, સાલ, ધાબળા, જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને પુસ્તક સહાય સહીતની વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે જેને લોકો બિરદાવી રહ્યા છે સાથે તન, મન, ધનથી સાથ સહકાર આપી રહ્યા છે.

## આવતીકાલથી શ્રાધ્ધ પક્ષનો પ્રારંભ

(૧)એકમનું શ્રાધ્ધ તા.૧૮-૯-૨૦૨૪, બુધવાર
(૨)બીજનું શ્રાધ્ધ તા.૧૯-૯-૨૦૨૪, ગુરૂવાર
(૩) ત્રીજનું શ્રાધ્ધ તા.૨૦-૯-૨૦૨૪, શુક્રવાર
(૪) ચોથનું શ્રાધ્ધ તા.૨૧-૯-૨૦૨૪, શનિવાર
(૫) પાંચમનું શ્રાધ્ધ તા.૨૨-૯-૨૦૨૪, રવિવાર
(૬) છઠ્ઠનું શ્રાધ્ધ તા.૨૩-૯-૨૦૨૪, સોમવાર
(૭) સાતમનું શ્રાધ્ધ તા.૨૪-૯-૨૦૨૪, મંગળવાર
(૮) આઠમનું શ્રાધ્ધ તા.૨૫-૯-૨૦૨૪, બુધવાર
(૯) નોમનું શ્રાધ્ધ તા.૨૬-૯-૨૦૨૪, ગુરૂવાર
(૧૦) દશમનું શ્રાધ્ધ તા.૨૭-૯-૨૦૨૪, શુક્રવાર
(૧૧) અગીયારસનુ શ્રાધ્ધ તા.૨૮-૯-૨૦૨૪, શનિવાર
(૧૨) બારસનું શ્રાધ્ધ તા.૨૯-૯-૨૦૨૪, રવિવાર
(૧૩) તેરસનું શ્રાધ્ધ તા.૩૦-૯-૨૦૨૪, સોમવાર
(૧૪) ચૌદશનું શ્રાધ્ધ તા.૧-૧૦-૨૦૨૪, મંગળવાર
(૧૫) અમાસને પુનમનું શ્રાધ્ધ તા.૨-૧૦-૨૦૨૪, બુધવાર
નોંધ : તા.૨૮-૯-૨૦૨૪, શનિવારે કોઈ શ્રાધ્ધ નથી.

**જયોતિષ દિનેશકુમાર અનંતરાય ભટ્ટ**

## જૂનાગઢમાં રૂા. ૬.૮૬ લાખનો વિદેશી દારૂ ઝડપી લેતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ રેન્જનાં પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાં માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચનાંનાં પીઆઈ જે.જે. પટેલ અને સ્ટાફે લીસ્ટેટ બુટલેગરનાં ઘરમાં રેડ કરીને ૧૭૧૬ બોટલ વિદેશી દારૂ કિંમત રૂા. ૬.૮૬ લાખનો કબ્જે કર્યો છે. હાજર નહી મળી આવનાર આરોપી ૧૧ જેટલા કેસ નોંધાયેલ છે.

પોલીસે આપેલી વિગત અનુસાર ગાંધીગ્રામ વિસ્તારનાં લીરબાઈપરા વિસ્તારમાં રહેતા લાખા પરબતભાઈ કોડીયાતરે વિદેશી દારૂનો જથ્થો મંગાવી પોતાના કબ્જા ભોગવટાના ભાડે આપેલ મકાનમાં રાખેલ હોવાની બાતમીનાં આધારે પોલીસે રેડ કરતાં ૧૭૧૬ બોટલ કિંમત રૂા. ૬.૮૬ લાખનો વિદેશી દારૂ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. હાજર નહી મળી આવનાર આરોપી વિરૂધ્ધ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૧૧ ફરીયાદો નોંધાયેલ છે. પોલીસે આ બનાવ અંગે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### બાંટવામાં ૭૦ હજારના મુદ્દામાલની ચોરી

બાંટવાનાં હરેશભાઈ નરભેરામ નિમ્બાર્ક પોતાના દિકરાને ત્યાં જૂનાગઢ ખાતે ગયેલ હતા તે વખતે અજાણ્યા શખ્સે મકાનની ગ્રીલનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી કુલ ૭૦ હજારના મુદ્દામાલની ચોરી થયાની ફરીયાદ પોલીસમાં નોંધાવી છે.

વડાપ્રધાનનાં ૭૫માં જન્મદિન પ્રસંગે

# ભૂતનાથ મહાદેવનાં સાનિધ્યમાં નમો હવનોત્સવનો કાર્યક્રમ યોજાયો



## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરવામાં આવી

જૂનાગઢ તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જન્મદિન નિમીતે આજે જૂનાગઢમાં કોલેજ રોડ ઉપર આવેલ ભૂતનાથ મહાદેવ મંદીર ખાતે નમો હવનોત્સવનો કાર્યક્રમ ભાવભેર યોજવામાં આવ્યો હતો.

ગુજરાતનાં પનોતા પુત્ર અને વૈશ્વિક નેતા તેમજ ભારતનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં ૭૫માં જન્મદિવસની દેશભરમાં અનેકવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.

જૂનાગઢમાં નગર દેવતા શ્રી ભૂતનાથ મહાદેવનાં સાનિધ્યમાં આંતરરાષ્ટ્રીય કથાકાર શ્રી ડો.મહાદેવપ્રસાદ મહેતા દ્વારા વડાપ્રધાનશ્રીનાં દુર્ઘાયુષ્ય માટે ૭૫ કુંડી માર્કન્ડેય મહાપુજા સહશાંતિ યાગ નમો હવનોત્સવનું અલૌકિક આયોજન કરવામાં આવ્યું હતું.

આજે સવારમાં ૮-૩૦થી ૧૦ દરમ્યાન આ કાર્યક્રમ ખુબ જ ભાવભેર યોજવામાં આવ્યો હતો.

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર તથા શ્રી ભૂતનાથ મહાદેવ મંદિરનાં સંયુકત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ભૂતનાથ મહાદેવ મંદિરનાં મહંત શ્રી મહેશગીરીબાપુ, આંતરરાષ્ટ્રીય કથા ડો.મહાદેવપ્રસાદ મહેતા, ભારતીય જનતા પાર્ટીનાં પુનિતભાઈ શર્મા અને સેવકો અને કાર્યકર્તાઓ ખાસ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

આ તકે અગ્રણીઓ, ભાજપના કાર્યકર્તાઓ નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. અને જૂનાગઢમાં યોજાયેલા આ અલૌકીક કાર્યક્રમમાં ભારતનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં દીર્ઘાયુષ્યની ભાવપુર્વક ધકામના કરવામાં આવી હતી.

# માંગરોળ : ધંધાખારમાં સશસ્ત્ર મારામારી : સામસામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

માંગરોળમાં નાળીયેરના ધંધાખારમાં સશસ્ત્ર મારામારી થતા સામસામે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે અબ્દુકરજાક હસનભાઈ બખાઈએ ફારૂક હુસેન બતક, જુબેશ યુસુફ કરૂડ ઉર્ફે ભાભલો, હુઝેફા હસન બતક, હુઝેફાનો ભાઈ, યુસુફ મામદ બતક, મુસા મામદ બતક, હનીફ હુસેન બતક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા સાહેદો નાળીયેર (ત્રોફા) નુ એક વાહનમાથી બીજા વાહનમા લોડ કરવાનુ મજુરીકામ કરતા હોય તે સમયે બાજુમાં ડેલામા કામ કરતા તેમજ બહારથી આવેલ આરોપીઓએ ધંધાખારના કારણે સાહેદ સાથે બોલાચાલી કરી માથાકુટ કરેલ હોય જેથી આ કામના ફરીયાદી સમજાવવા જતા આરોપીઓએ એકસંપ થઈ સમાન ઈરાદો પાર પાડવા ટામી, દાતરડુ તથા તલવાર જેવા અલગ અલગ પ્રાણઘાતક હથિયારો ધારણ કરી ફરીયાદી તથા ભોગબનનાર ઉપર હુમલો કરી ગંભીર ઈજાઓ કરી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવેલ જયારે સામાપક્ષે યુસુફ મામદ ઉર્ફે મામન બતકે સલીમ હસનભાઈ બખાઈ, ઈરફાન હસનભાઈ બખાઈ અને ઈબ્રાહીમ હસનભાઈ બખાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પોતાના ડેલામા નાળીયેર (ત્રોફા)નુ એક વાહનમાથી બીજા વાહનમા લોડ કરવાનુ કામ કરતા હોય તે સમયે આરોપી સલીમ ફરીયાદીના ડેલાની નજીકમા નાળીયેર (ત્રોફા) વાહનમા ભરવાનુ કામ કરતા હોય તેની સાથે આરોપી ઈરફાન એ મળી ફરીયાદી તથા તેના ડેલામા કામ કરતા સાહેદો/મજુરો સાથે ધંધાખાર રાખી બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી માથાકુટ કરેલ, આરોપી ઈબ્રાહીમ બખાઈ આવી ફરીયાદી તથા તેના ડેલામા કામ કરતા મજુરો / સાહેદોને તમને જીવતા નહી રહેવા દઉ જોઈ લઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કેશોદ : કોમી વૈમનસ્ય પેદા થાય તેવી પોસ્ટ વાયરલ કરનાર શખ્સ વિરૂધ્ધ ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

કેશોદમાં વોટસએપ ગ્રુપમાં કોમી વૈમનસ્ય પેદા થાય તેવી પોસ્ટ મુકનાર શખ્સ સામે કેશોદ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે હેડ કોન્સ્ટેબલ દેવાભાઈ લખમણભાઈએ ફરીયાદી બની આરોપી તરીકે ગોવીંદ મેરામભાઈ ડાંગર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ વોટસએપ ગ્રુપમાં હિન્દુ-મુસ્લીમ સમાજ વચ્ચે કોમી વૈમનસ્ય પેદા થાય તથા ઉશ્કેરાટ પેદા થાય તેમજ મુસ્લીમ સમાજની લાગણીઓનું અપમાન કરી સાર્વજનીક તોફાન થાય તેવી પોસ્ટ વોટસએપના માધ્યમથી વાયરલ કરી કેશોદ શહેરની કોમી એકતાની શાંતી ડહોળવાનો પ્રયાસ કર્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બાલાસરાએ હાથ ધરી છે.

## શાપુરમાં આર્થિક સંકળામણથી કંટાળી યુવાને ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

વંથલી તાલુકાના શાપુર ગામે રહેતા યુવાને આર્થિક સંકળામણથી કંટાળી ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું વંથલી પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે દિનેશ મુળજીભાઈ બજાણીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ તેજસભાઈ (ઉ.વ.૩૫)વાળાએ આર્થિક સંકળામણના લીધેલ ટેન્શનમાં આવી જઈ ઘઉંમાં નાંખવાના ઝેરી ટીકડા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## ઊના તાલુકાના ભિંગરણ અને મોઠા ગામે ૨૦ જુગારી ઝડપાયા

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા૧૭

ઊના તાલુકાના ભિંગરણ ગામની અલદ નામની સીમમાં નવા બંદર મરીન પોલીસ સ્ટેશનના પોલીસ રવિરાજસિંહ જીતેન્દ્ર બારડ અને સંદીપ વલ્લભભાઈ ઝનકાત અને સ્ટાફે જુગાર અંગે રેડ કરતા જાહેરમાં રૂપિયાની હારજીતનો જુગાર રમતા દિનેશ અરજણ ઘોચા, અશ્વિન અરજણ સોલંકી, સંજય નાનુ ભાલીયા, ભાણા અરસી મજેઠીયા, સંજય અરજણ મજેઠીયા, મનુ માલા સોલંકી, કાના ભીમ પામક, કાળું ડાયા બાંભણિયા, ભીમજી મકવાણા, ઉકા નથુ મકવાણા, મહેશ ઉકા મકવાણા, ભાણા બાબુ બાંભણિયા, સરમણ નાનુ બાંભણિયા રે. તમામ ભિંગરણ તા.ઊના ને રોકડા રૂપિયા ૪૨૩૫૦ સાથે પકડી લીધા હતા અને ઊના તાલુકાના મોઠા ગામે બ્રહ્મણ શેરીમાં રોડ ઉપર ઊનાની પોલીસ શાંતિલાલ વેલાભાઈ સોલંકી અને દિગ્વિજયભાઈ ગોવિંદભાઈ વાંઝાં સ્ટાફે રેડ કરતા નિકલું કરશન ગોહીલ, દિનેશ ઘેલું ગોહીલ, દિલીપસિંહ માનભાઈ ગોહીલ, રાવત ભૂરાભાઈ ગોહીલ, પ્રકાશસિંહ જીલુંભાઈ ગોહીલ, ભાવેશ હામભાઈ ગોહીલ રે. તમામ મોઠા તા.ઊનાને રૂપિયાની હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૭૦૫૦ સાથે પકડી લીધા હતા.

## મીઠાપુર નજીક ટ્રકની અડફેટે યુવાનનું મોત

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૭

ઓખા મંડળના આરંભડા વિસ્તારમાં રવિવારે રાત્રિના સમયે ટ્રકની અડફેટે મોટરસાયકલ ચાલક યુવાન મિહિરભાઈ નગીનભાઈ ચાવડા (ઉ.વ. ૨૪)નું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે અન્ય જતીન ગીરીશભાઈ ચાવડા અને ભાવેશ પ્રેમજીભાઈ ચાવડાને યુવાનોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. અકસ્માત સર્જીને આરોપી ટ્રકનો ચાલક પોતાનો ટ્રક લઈને નાસી છૂટ્યો હતો.

ગુજરાત સરકાર

સ્વચ્છતા હી સેવા ૨૦૨૪
૧૭ સપ્ટેમ્બર-૩૧ ઓક્ટોબર ૨૦૨૪
સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

# ગુજરાતભરમાં યોજાશે સેવા, સ્વચ્છતા અને પર્યાવરણ રક્ષણના ત્રણ અભિયાન



## સ્વચ્છતા હી સેવા અભિયાન

૧૭ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

**૧૦મુ સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૪**

સફાઈ-સ્વચ્છતાની શ્રેષ્ઠતા માટે
જિલ્લા-તાલુકા-ગ્રામ્ય કક્ષાએ
**₹૩૪.૮૦ કરોડ**ના **૨૨૨ પુરસ્કારો** અપાશે

**સમૃદ્ધ સમાજનો આધાર, સ્વચ્છતા એકમાત્ર નિર્ધાર**



## સેવા સેતુ કાર્યક્રમ

તા. ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

**નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓ મળી રહે, તે માટે તમામ ગામો-શહેરોમાં કાર્યક્રમો**

**સેવા સેતુ કાર્યક્રમમાં** વિવિધ વિભાગોની **૫૫ સેવાઓ** પૂરી પાડવામાં આવશે

**જનતા-સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ**



વડાપ્રધાનશ્રીનો સંકલ્પ
"एक पेड़ माँ के नाम"
જન-જન સુધી પહોંચશે

માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
ઉપસ્થિતિમાં
ગાંધીનગર ખાતેથી
ખાસ ઝુંબેશનો
પ્રારંભ

